સુવિચાર

''ફૂંક મારીને દીવો ઓલવી શકાય, અગરબત્તી નહી.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૧૦/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ આસો વદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૨૬૧


## પ્રધાનમંડળનાં વિસ્તરણને લઈને ચાલતી અટકળોનો આવ્યો અંત

# મુખ્યમંત્રી સિવાય તમામ મંત્રીઓનાં રાજીનામા લેવાયા

**ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આજે સવારે ૧૧:૩૦ કલાકે નવા મંત્રીમંડળનો શપથ સમારોહ**

**મોટાભાગનાં મંત્રીઓને બદલીને નવા તેમજ અનુભવી ધારાસભ્યોને મંત્રી બનાવાશે**

**રાજયમાં ઘણા વર્ષો બાદ નાયબ મુખ્યમંત્રી પદની જવાબદારી કોઈને મળે તો નવાઈ નહી**

**ભાજપનાં દિગ્ગજ નેતા અમિત શાહ, રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના રાજકારણમાં અત્યાર સુધીના સૌથી મોટા અને આશ્ચર્યજનક સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં મંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિવાયના તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા છે. મળતી માહિતી મુજબ, સૌપ્રથમ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રાજીનામું આપ્યું હતું, ત્યાર બાદ એક પછી એક તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા. આ રાજીનામાં જગદીશ વિશ્વકર્માને સુપરત કરવામાં આવ્યા હતા, જેમણે તમામ મંત્રીઓને રાજીનામું આપવાની સૂચના આપી હતી.

જગદીશ વિશ્વકર્મા સહિત કુલ ૧૬ મંત્રીએ રાજીનામાં આપ્યા છે. રસપ્રદ બાબત એ છે કે મુખ્યમંત્રીએ મંત્રીઓ પાસે રાજીનામું માંગ્યું ન હતું. મુખ્યમંત્રી સાથે તમામ નેતાઓની બેઠક પૂર્ણ થઈ ગઈ છે, અને અહેવાલો મુજબ, બેઠક શરૂ થાય તે પહેલાં જ રાજીનામાંનું એક ફોર્મ તૈયાર રાખવામાં આવ્યું હતું, જેના પર

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ધારી માર્ગ ઉપર પંચર દુકાનધારકનો બાળક ઈજાગ્રસ્ત

# ચલાલામાં કાર્બન વિસ્ફોટ બંદુકમાંથી ભડાકો થતાં બાળકને આંખમાં ઈજા

**ઈજાગ્રસ્ત બાળકને સારવારમાં ખસેડાયો**

અમરેલી, તા. ૧૬

ચલાલામાં આજે કાર્બન વિસ્ફોટ બંદુકમંથી ભડાકો થતાં નાના બાળકને આંખના ભાગે ઈજા થતાં ભાવનગરખાતેસારવારમાંખસેડાયોછે.



વિગતએવા પ્રકારનીછે કે, ધારીમાર્ગઉપરપંચરનીદુકાનધરાવતા મહેન્દ્રભાઈ રાઠોડનાં દિકરાને કાર્બન બંદુકથી આંખમાં ઈજા થતાં બાળકને સારવારમાંખસેડાયો.

## સાયબર પોલીસે જયુડીશ્યલ કોર્ટ સમક્ષ રીપોર્ટ કર્યો

# અમરેલીનાં બહુચર્ચિત કેસમાં મહિલા આરોપી પાયલ ગોટીની સંપૂર્ણ બાદબાકીનો રીપોર્ટ થયો

**અન્ય આરોપીઓ વિરૂઘ્ધ દાખલ થયેલ ૧૩૮ની કલમ દુર કરવા રીપોર્ટ**

અમરેલી, તા. ૧૬

અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં ચકચારી બનેલ અમરેલીના પાયલગોટી કેસમાં પોલીસે આખરે કોર્ટમાં પાયલ ગોટી વિરૂદ્ધ કોઈ પુરાવા નહીં મળવાના કારણે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે આખરે સી.સમરીનો રિપોર્ટ અમરેલીની કોર્ટમાં કરતાં વધુ એક વખત પાયલ ગોટી કેસ અમરેલી જિલ્લામાં ચર્ચામાં આવ્યો છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**













### પોલીસ સંભારણા દિવસ અન્વયે

# અમરેલી જિલ્લા પોલીસ અને સુરક્ષાસેતુ સોસાયટી દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૬

આગામી ‘‘પોલીસ સંભારણા દિવસ–૨૧ ઓક્ટોબર’’ નિમિત્તે પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ખાતે તા.૧૬,૧૭ અને ૧૮ ઓક્ટોબરના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ બ્લડ ડોનેશન કેમ્પમાં રેડ ક્રોસ સોસાયટી, વેદ બ્લડ બેંક, શાંતાબા ગજેરા બ્લડ બેંક તથા નવકાર બ્લડ બેંકના સહયોગથી સમગ્ર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લા તાલીમ કેન્દ્ર, પોલીસ હેડ ક્વાર્ટર, અમરેલી ખાતે હાજર રહી બ્લડ ડોનેટ કરી બ્લડ ડોનેશનનો વિધિવત આરંભ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અમરેલી જિલ્લાના અમરેલી સીટી પોલીસ સ્ટેશન, લાઠી પોલીસ સ્ટેશન, લીલીયા પોલીસ સ્ટેશન, દામનગર પોલીસ સ્ટેશન, જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન તથા રાજુલા પોલીસ સ્ટેશન ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આજે તા.૧૬ના રોજ કુલ ૪૮૭ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવેલ હતું.

આવતી કાલ તા.૧૭ના રોજ ખાંભા પોલીસ સ્ટેશન, વડીયા પોલીસ સ્ટેશન, બગસરા પોલીસ સ્ટેશન, સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન, ડુંગર પોલીસ સ્ટેશન તથા નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવનાર છે.

જયારે આગામી તા.૧૮ના રોજ ધારી પોલીસ સ્ટેશન, અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન, ચલાલા પોલીસ સ્ટેશન, સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન, વંડા પોલીસ સ્ટેશન, જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન તથા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવનાર છે.

અમરેલી જિલ્લા પોલીસ અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને આ યાદગાર પોલીસ સંભારણા દિવસ નિમિત્તે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં જોડાવવા આહવાન કરે છે.

### દિવાળીનાં તહેવારમાં ફટાકડાનું વેચાણ હોય તે સમયે ફફડાટ

# અમરેલીનાં ફટાકડાનાં સૌથી મોટા વેપારીની દુકાન અને ગોડાઉનમાં જીએસટી વિભાગ દ્વારા તપાસ

### જિલ્લાભરનાં ફટાકડાનાં જથ્થાબંધ વેપારીઓમાં ફફડાટ







અમરેલી, તા. ૧૬

અમરેલીમાં સૌથી મોટા ફટાકડાના વેપારીની દુકાને તથા તેમનાં લાઠી રોડ ઉપર આવેલ ગોડાઉનમાં ગઈકાલ મોડી રાત્રીના કેન્દ્ર સરકારના જીએસટી વિભાગે દરોડા પાડતા અમરેલીના વેપારી આલમમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે. ત્યારે અમરેલીમાં માત્ર ફટાકડાનાં વેપારીને ત્યાં કાર્યવાહી છે કે અન્ય વેપારીઓને ત્યાં કેન્દ્ર સરકારના જીએસટી વિભાગની કાર્યવાહી થશે? તેને લઈ અનેક ચર્ચાઓ ઉઠી છે. જો કે આ ફટાકડાનાં વેપારીને ત્યાંથી શું નીકળ્યું તે જાણી શકાયું નથી.

અમરેલી જિલ્લામાં દિવાળીનો તહેવાર નજીક આવતા અમરેલીમાં ઠેર ઠેર બિલાડીનાં ટોપની જેમ ફટાકડાનાં સ્ટોલ નિયમ વિરુધ્ધ ઉભા કરી દઈ અને રાહતદરે ફટાકડાનાં વેંચાણના બોર્ડ મારી લેભાગુઓ ગ્રાહકોને લૂંટી રહયા છે. ત્યારે કેન્દ્ર સરકારના જીએસટી વિભાગના અધિકારીઓ પોતાના ટારગેટ પુરો કરવા માટે દિવાળીના દિવસોમાં દરોડા પાડવાની કાર્યવાહી કરતાં હોય છે બાદમાં ઘીના ઠામમાં ઘી પડી જાય છે.

ગઈકાલ રાત્રીના સમયે અમરેલીની મુખ્ય બજારમાં બારેય માસ ફટાકડાની દુકાન ધરાવતા માવાણીભાઈ ફટાકડાવાળાના લાઠી રોડ ઉપર આવેલ ફટાકડાનાં ગોડાઉન ઉપર ગઈકાલ રાત્રે જીએસટીના અધિકારોઓ પહોંચી ગયા હતાં અને અધિકારીઓએ ગોડાઉનના શટર બંધ કરી તપાસ શરૂ કરી તપાસ શરૂ કરી હતી જે આજે સવાર સુધી શરૂ રહેવા પામેલ હતી.

પરંતુ આ કેન્દ્ર સરકારના જીએસટી વિભાગે દરોડા દરમિયાન કોઈ જીએસટીની ચોરી કે કંઈ હાથ લાગ્યું કે કેમ તે જાણી શકાયું નથી. પરંતુ અમરેલી શહેર સહિત જિલ્લામાં કેન્દ્ર સરકારના જીએસટી વિભાગે દરોડા અંગેના સમાચાર પ્રસરી જતાં ફટાકડાના વેપારી સહિત જિલ્લાના અન્ય મોટા વેપારી આલમમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

### શિક્ષણ સમિતિનાં ચેરમેનની ઉપસ્થિતિમાં

# અમરેલી : બી.આર.સી. ભવન ખાતે જ્ઞાન સહાયક સ્થળ પસંદગી કેમ્પનું આયોજન

### કુલ ૪૩૩ જ્ઞાન સહાયકોની કરાર આધારિત નિમણુંક

અમરેલી, તા. ૧૬

બી.આર.સી ભવન અમરેલી ખાતે જ્ઞાન સહાયક સ્થળ પસંદગી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૩૩ જ્ઞાન સહાયકોની કરાર આધારિત નિમણૂક આપવામાં આવી છે. આ કેમ્પમાં શિક્ષણ સમિતિ અમરેલીના ચેરપર્સન રમીલાબેન ધોરાજીયા, પૂર્વ પ્રમુખ લીલીયા તાલુકા પંચાયત ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી, પ્રાથમિક શૈક્ષિક સંઘ અમરેલી પ્રમુખ વિજયભાઈ મકવાણા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રી અમરેલી રસિકભાઈ મહેતા, તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ, શિક્ષણ શાખા જિલ્લા પંચાયત અમરેલીનો તમામ સ્ટાફ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી યુવક મહોત્સવમાં મોંઘીબા મહિલા કોલેજની વિદ્યાર્થીનીની વિશેષ સિધ્ધિ

અમરેલી, તા. ૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા આયોજિત યુવક મહોત્સવ ‘‘સિંદૂરોત્સવ’’માં માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની અનેક વિદ્યાર્થીનીઓએ બહોળી સંખ્યામાં અનેક સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં ‘‘કોલાજ’’ સ્પર્ધામાં ૨૫ સ્પર્ધકોએ મોંઘીબા કોલેજની વિદ્યાર્થીની મહેતા નિરાલી જીતેન્દ્રભાઈ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

કોલેજનાં પ્રિન્સિપાલ પ્રા.ડો. જી.વી. વેલીયત, ટ્રસ્ટીગણ તથા સમગ્ર કોલેજ પરિવારે આ વિદ્યાર્થીનીને અભિનંદન તથા ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

### વાતાનુકુલિન અને સ્લીપર બસની માંગ હતી તો

# આમ કેમ : નાથદ્વારા જેવા લાંબા રૂટ ઉપર સીટિંગ બસ શું કામ મુકી

### જિલ્લા વિકાસ સમિતિએ નારાજગી વ્યકત કરી

અમરેલી, તા. ૧૬

અમરેલી થી પવિત્રધામ નાથદ્વારા સુધી એસી અને સ્લીપિંગ એસ.ટી. બસ શરૂ કરવાની માંગ જિલ્લા વિકાસ સમિતિએ કર્યા બાદ નાથદ્વારા રૂટની બસ તો શરૂ થઈ પરંતુ તે સંપુર્ણ માંગ પુર્ણ ન થઈ.

ધારી–અમરેલી–નાથદ્વારા રૂટની બસ એસ.ટી. વિભાથે શરૂ તો કરી પણ તે ૨ × ૩ સીટની અને એ પણ નોન એસી બસ મુકતા લાંબા અંતરનો પ્રવાસ કરવો મુસાફરોને મુશ્કેલ બનશે જેવી એસી અને સ્લીપિંગ બસ મુકવામાં આવે તે જરૂરી છે.





### ‘‘આમ આદમી પાર્ટી’’નાં યુવા નેતાએ હવે સરકાર ઉપર ભીંસ વધારતા

# વિસાવદરનાં યુવા ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની આક્રમકતાનો જવાબ આપવા મંત્રીમંડળનુ વિસ્તરણ થયાની ચર્ચાઓ

### ભાજપનાં દિગ્ગજ નેતા નરેન્દ્ર મોદી અને અમિત શાહ રાષ્ટ્રીય રાજકારણમાં હોય ગુજરાતમાં મજબુત નેતાનો અભાવ


અમરેલી, તા. ૧૬

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૧થી ૨૦૧૪ સુધી સતત ૧૩ વર્ષ સુધી જબ્બરી લોકચાહનાં મેળવી અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા ગુજરાતીઓનાં દિલમાં રાજ કરનાર નરેન્દ્ર મોદી અને બાદમાં અમિત શાહની પક્ષ અને વહીવટતંત્ર ઉપરની પકડનાં કારણે બંને નેતાઓ રાષ્ટ્રીયકક્ષાએ ચમકી ઉઠયા અને બંને નેતાઓ ૧૧ વર્ષથી સમગ્ર દેશનું



સંચાલન કરી રહ્યા છે.

પરંતુ તેઓ દિલ્લી રવાના



થયા બાદ ગુજરાતમાં ગુજરાતમાં આનંદીબેન પટેલ, વિજય રૂપાણી અને ભુપેન્દ્રભાઈ પટેલ મુખ્યમંત્રીપદે આવ્યા. તો અનેક ગૃહમંત્રી બન્યા પણ નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવું કોઈ કાર્ય કરી શકતું નથી. તે હકકીત છે.

ગુજરાતની જનતા મનોમન એવુ ઈચ્છે છે કે કાશ ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જેવુ કાર્ય કોઈ કરે પણ એક પણ નેતા નરેન્દ્ર મોદી કે અમિતશાહની સમક્ષ તો દુરની વાત પણ નજીકમાં પહોંચી શકતુ નથી.

દરમિયાનમાં વિસાવદર વિધાનસભાની પેટા ચુંટણીમાં ભાજપનો ઘોર પરાજય ‘‘આમ આદમી પાર્ટી’’નાં યુવા નેતા ગોપાલ ઈટાલીયા સામે થયો ત્યારથી ગુજરાત ભાજપમાં હડકપ મચી ગયો છે. અને સમગ્ર સંગઠન અને સરકારની પોલ ખુલી જતાં નરેન્દ્ર મોદી અને અમિત શાહે સમગ્ર પ્રધાનમંડળ ને બદલવાનો નિર્ણય કરતાં સમગ્ર ગુજરાતનાં રાજકારણમાં ભૂકંપ આવી ગયો છે. અને આવતીકાલે નવુ પ્રધાનમંડળ રચાયા બાદ તેઓ મજબુતીથી ફરજ બજાવશે કે નહીં તે તો આવનારો સમય જ કહેશે.

### શ્રી અમરવેલી નાગરિક શરાફી મંડળીના

# ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેક મુજબની રકમનું વળતર ચુકવવા હુકમ

### એડવોકેટ ચંદ્રેશભાઈ બી. મહેતા તથા અશોક બી. વાળાની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ

અમરેલી, તા. ૧૬

અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી લીની શાખામાંથી રૂા. ૧,૫૦,૦૦૦ની લોન લીધેલ જે લોન પેટે મંડળીની હપ્તા પૈકીની તમામ રકમ રૂા. ૧,૫૭,૩૯૧/–નો ચેક મુ. અડતાળા તાલુકો લાઠી જીલ્લો અમરેલીના જીતુભાઈ ધનજીભાઈ ગોઠડીયાએ તા. ૨૧/૧૧/૨૪ના રોજ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. જરખિયા શાખાનો ચેક આપેલ ચેક ફરિયાદી મંડળીએ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લીના ખાતામાં વટાવવા નાખતા તા. ૨૧/૧૧/૨૪ના રોજ પરત થતા ફરિયાદીના મંડળીના વકીલ મારફત નોટિસ આપવામાં આવેલ હતી. તેમ છતાં આરોપીએ મંડળીની રકમ આપેલ નહીં. જેથી મંડળી દ્વારા અમરેલી કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી જે કેસ અમરેલી એડી ચીફ કોર્ટમાં કેસ ચાલી જતા આરોપીને એક વર્ષની સાદી કેદની તથા ચેક મુજબની રકમ વળતર પેટે મંડળને ચૂકવવા હુકમ કર્યો છે મંડળી વતી એડવોકેટ ચંદ્રેશ બી. મહેતા તથા અશોક બી. વાળાની દલીલો માન્ય રાખતી કોર્ટ.

# ધારી, બગસરા, અમરેલી ખાતે સંગઠન સૃજન અભિયાન અંતર્ગત કોંગ્રેસની અગત્યની બેઠક યોજાઈ









આજરોજ ધારી, બગસરા અને અમરેલી ખાતે સંગઠન સૃજન અભિયાન અંતર્ગત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નિરીક્ષકો ઋત્વિકભાઈ મકવાણા, સંજયભાઈ સરવૈયા, રાજેશભાઈ જોશી તથા અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતની આગેવાની હેઠળ કોંગ્રેસ સંગઠનને મજબૂત બનાવવા માટે તથા આગામી ચૂંટણીને ધ્યાને રાખી અગત્યની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયા, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખો ડી.કે. રૈયાણી, અર્જુનભાઈ સોસા, શાંતિલાલ રાણવા, મનીષભાઈ ભંડેરી, સંદીપભાઈ પંડ્યા, વલ્લભભાઈ ઝીઝુંવાડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ધારી, બગસરા અને અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિઓ દ્વારા સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો હતો. બેઠકમાં તાલુકા તથા શહેર કોંગ્રેસ સમિતિઓના તમામ ફ્રન્ટના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કોંગ્રેસ પાર્ટીને આગામી દિવસોમાં વધુ મજબૂત બનાવવા માટે વિવિધ સૂચનો અને વિચાર વિમર્શ પણ થયા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો દ્વારા રાહુલ ગાંધી દ્વારા દર્શાવેલ દિશાનિર્દેશ મુજબ સંગઠનને ગતિ આપવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતએ પોતાના સંબોધનમાં કોંગ્રેસના ધ્યેય માટે મજબૂત લડાઈ લડવાની હાકલ કરી હતી તેમજ ખંભે ખંભો મિલાવીને એકતા સાથે કાર્ય કરવાની અપીલ કરી હતી. આ પ્રસંગે જગદીશભાઈ તળાવીયા, યુસુફભાઈ જુનેજા, સલીમભાઈ પિંજારા, વિપુલભાઈ પોકીયા, ટીકુભાઈ વરૂ, સંદીપભાઈ ધાનાણી, રમેશભાઈ ગોહિલ, રાજુભાઈ સોલંકી, વિક્રમભાઈ માંજરીયા, બી. કે. સોળીયા, માલાભાઈ બથવાર, રમેશભાઈ સાંગાણી, રફીકભાઈ મંગલ, મહેન્દ્રભાઈ બાવળિયા, હિરેનભાઈ ટિમાણીયા, નારણભાઈ મકવાણા, આશિષભાઈ જેબલિયા, ભાવેશભાઈ પરમાર, ઉમેદભાઈ ગજેરા, દિલીપભાઈ સાવલિયા, માધવજીભાઈ સરધારા, અરવિંદભાઈ સીતાપરા, મયુરભાઈ સોલંકી, હિરેનભાઈ સોજીત્રા, શરદભાઈ ધાનાણી, લલીતભાઈ ઈટાલીયા, રોહિતભાઈ સરધારા, અશોકભાઈ ચાવડા, પ્રવીણભાઈ વરીયા, ડી. બી. ભારોલા, કે. કે. ચૌહાણ, રાજેશભાઈ ગુજરાવાદીયા, પ્રકાશભાઈ વેકરીયા, સૈયદ ઈકબાલભાઈ, સલીમભાઈ પઠાણ, અનકભાઈ વાળા, બાબુભાઈ દુધાત, અનિલભાઈ શેખ, ગોપાલભાઈ, રાવજીભાઈ પાનસુરીયા, સત્યમભાઈ મકાણી, ધર્મેન્દ્રભાઈ પાનસુરીયા વગેરે અનેક કોંગ્રેસ આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ધારી – બગસરા – અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિઓના સંયુક્ત સહયોગથી આ સંગઠન સૂજન અભિયાનની બેઠક સફળતાપૂર્વક યોજાઈ હતી.

## રાજયનાં પૂર્વ કેબિનેટ મિનિસ્ટર ડો. જયનારાયણ વ્યાસે પત્રકાર પરિષદ સંબોધી

# ભારત વિકસિત અર્થ વ્યવસ્થા તરફ ગતિ કરી રહ્યું હોવાનાં દાવા સદંતર પોકળ

### સમગ્ર વિશ્વનાં ૧૯૩ દેશોમાં ભારતનો ક્રમાંક ૧૩૦

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પૂર્વ કેબિનેટ મિનિસ્ટર અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન ડો. જયનારાયણ વ્યાસે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આ અગાઉ અતિ વિકસિત રાજય તરીકે ગુજરાત અને એ માટે કારણભૂત 'ગુજરાત મોડેલ' અંગેની વરવી વાસ્તવિકતા જાહેરમાં મૂકી. ગુજરાતના



વિકાસના બણગાં કેટલાં પોકળ છે, તેનો

### ભારતમાં પણ ગુજરાત લક્ષદ્વીપ, સિક્કીમ અને મિઝોરમથી પણ પાછળ

દસ્તાવેજી પુરાવો પૂરો પાડયો હતો. આ સમગ્ર હકીકત નેશનલ ફેમિલી હેલ્થ સરવે-૫ જે ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે, તેના ઉપર આધારિત હતો અને એટલે ગુજરાત સરકાર અથવા કેન્દ્રમાં શાસનની ધૂરા સંભાળી રહેલ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ હકીકતોનો ઈન્કાર કરી શકે તેવી કોઈ શકયતાઓ નથી.

ગુજરાતના વિકાસનું આ માડેલ કેટલું પોલું છે અને એને આધારિત વિકાસની વાતો કેટલી પોકળ છે, જેનો પુરાવો તાજેતરમાં બહાર આવેલ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) દ્વારા બહાર પાડવામાં આવેલ માનવવિકાસના

### ભાજપ સરકાર સમગ્ર આધાર-પુરાવાનો ઈન્કાર કરી શકે તે જ નથી

સૂચકાંક 'હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડેક્ષ' ઉપર આધારિત તાજેતરના અહેવાલ ઉપરથી માત્ર ગુજરાત જ નહીં પણ વૈકિ તુલનામાં ભારત જેને ભારતીય જનતા પાર્ટી શાસિત સરકાર વિની બીજા નંબરની વિકસિત અર્થવ્યવસ્થા બનાવવાના ગુલાબી શમણાં આપણને વેચી રહી છે તે નર્યા જૂઠાણાનો પર્દાફાશ યુએનડીપીનો આ 'હ્યુમન ડેવલોપમેન્ટ' અંગેનો અહેવાલ નર્યું જૂઠાણું સાબિત કરે છે.

ભારત વિકસિત રાષ્ટ્ર બની રહ્યું હોવાની કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર કરાતી જાહેરાતો સત્યથી સંપૂર્ણ વેગળી, તથ્યહીન અને ગેરમાર્ગે દોરનારી છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા જારી કરાયેલ માનવવિકાસનો સૂચકાંક જે સાચા અર્થમાં જે તે દેશમાં માનવજીવન કેટલું સમૃદ્ધ અને વિકસિત છે, એનો ખ્યાલ આપે છે તે એક આધારભૂત સરખામણી છે અને ભારતનું નામ એમાં દસાડા દફતરે કયાંય નથી.

આ જ રીતે ભારતના કુલ ૩૬ રાજયોમાં ગુજરાત લક્ષદ્વીપ અને મેઘાલય જેવા રાજયોથી પણ પાછળ છેક ૨૫ માં નંબરે આવે છે. આ અગાઉ દેશના ટોચના દસ કુપોષિત જિલ્લાઓમાં ગુજરાતના ૪ જિલ્લા આવે છે, તે માહિતી રજૂ કરી હતી. આજે હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડેક્ષ એટલે કે, માનવ વિકાસના સૂચકાંકની સરખામણીમાં પણ ગુજરાત છેક ૨૫ માં ક્રમે આવે છે, એ માહિતી 'ગુજરાત મોડેલ' કેટલું તકલાદી અને બિનટકાઉ છે, તેનો પુરાવો છે. ગુજરાત

### ભાજપ સરકાર ઈવેન્ટ મેનેજમેન્ટ અને જાહેરાતો સિવાય કશું જ કરતી નથી

તેમજ કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારો ઈવેન્ટ મેનેજમેન્ટ અને જાહેરાતો સિવાય કશું જ કરતી નથી અને ગુજરાત જેવા વિકસિત રાજયને તેમના શાસને નુકસાન પહોંચાડીને પાછળ ધકેલી દીધું છે, એટલું જ નહીં પણ ભારત વિકસિત અર્થવ્યવસ્થા તરફ ગતિ કરી રહ્યું હોવાના એમના દાવા સદંતર પોકળ છે, તેની આ સાબિતી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડીનેટર અને પ્રવકતા હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

































### યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક વખત બ્રિક્સ રાષ્ટ્રો તૂટી રહ્યા હોવાનો દાવો કર્યો

# 'બ્રિક્સ' રાષ્ટ્રોના યુએસ ડોલર પરના હુમલાને ટેરિફથી રોક્યોઃ ટ્રમ્પ

### ટ્રમ્પે વૈશ્વિક સ્તરે થતા વેપારમાં ડોલરને બદલીને અન્ય ચલણને મહત્વ આપવા સામે ટેરિફનું હથિયાર ઉગામ્યું હતું

વોશિંગ્ટન, તા.૧૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા દેશોના બનેલા સંયુક્ત સમૂહ બ્રિક્સ સામે વધુ એક વખત પોતાનો અણગમો વ્યક્ત કર્યો છે. યુએસ પ્રમુખે પોતાની ટેરિફ નીતિનો બચાવ કરતા જણાવ્યું કે, બ્રિક્સ બ્લોક યુએસ ડોલર પર હુમલો હતો જેને ટેરિફથી રોકવામાં સફળતા મળી હતી. યુએસ રાષ્ટ્રપતિના મતે ટેરિફની ધમકી આપ્યા બાદ બ્રિક્સ દેશો તૂટી રહ્યા છે અને તેના સભ્ય રાષ્ટ્રો એક પછી એક બ્લોકમાંથી બહાર થઈ રહ્યા છે. ટ્રમ્પે વૈશ્વિક સ્તરે થતા વેપારમાં ડોલરને બદલીને અન્ય ચલણને મહત્વ આપવા સામે ટેરિફનું હથિયાર ઉગામ્યું હતું. વ્હાઈટ હાઉસ ખાતે આર્જેન્ટિનાના વડાપ્રધાન જાવિયર મિલીયા સાથે મુલાકાત દરમિયાન ટ્રમ્પે જણાવ્યું કે, બ્રિક્સ રાષ્ટ્રના સમૂહમાં જેમને રહેવું હોય તે રહી શકે છે પરંતુ અમે તે રાષ્ટ્ર ઉપર ટેરિફ લાદીશું. ત્યારબાદ આ બ્લોકમાંથી એક પછી એક બધા દેશો છૂટા પડી રહ્યા છે. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે, હું ડોલર પ્રત્યે ખૂબ કડક છું, અને જે કોઈ ડોલરમાં વેપાર કરવા માંગે છે તેમને ડોલરમાં વેપાર ના કરતા દેશોની તુલનાએ ફાયદો થઈ શકે છે. બ્રિક્સ ડોલર પર હુમલો હતો. જો તમે આ રમત રમો છો તો હું અમેરિકામાં નિકાસ થતી તમારી તમામ ચીજવસ્તુઓ ઉપર ટેરિફ લાગુ કરીશ. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખનું આ નિવેદન એવા વ્યાપક વૈશ્વિક સંદર્ભમાં આવ્યું છે જેમાં બ્રિક્સના સભ્ય દેશો (હાલના ૧૦ દેશો) સંયુક્ત રીતે આર્થિક તેમજ વેપાર ક્ષેત્રમાં યુએસ ડોલરના વૈશ્વિક વર્ચસ્વને પડકાર આપી રહ્યા છે. આ મુદ્દે નિષ્ણાતો ટ્રમ્પના દાવા સાથે સહમત નથી જણાતા. નિષ્ણાતો તથા આંતરરાષ્ટ્રીય વિશ્લેષકોના મતે બ્રિક્સ સંગઠન મજબૂત બની રહ્યું છે અને તેના સભ્ય દેશોનો આર્થિક પ્રભાવ સતત વધી રહ્યો છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ડોલરની ભૂમિકાને નબળી પાડવાની ભારતની કોઈ યોજના નહીં હોવાની સ્પષ્ટતા કરી છે. ભારતે આ મામલે સમાધાનકારી વલણ અપનાવ્યું છે તથા તેને ડોલર સાથે કોઈ સમસ્યા નહીં હોવાનું જણાવ્યું છે. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારને લઈને પણ વાટાઘાટો સકારાત્મક દિશામાં ચાલી રહી છે. આ સપ્તાહે ભારતનું પ્રતિનિધિમંડળ અમેરિકાની મુલાકાત લેશે.

### તેલંગાણાની કોંગ્રેસ સરકારને ઝટકો

# સુપ્રીમે ૫૦%થી વધુ અનામત મર્યાદાને મંજૂરી ન આપી

### રાજ્ય સરકારે OBC માટે ૪૨ ટકા અનામત નક્કી કરવાના પોતાના નિર્ણયને હાઈકોર્ટે રદ કર્યા બાદ સુપ્રીમમાં પડકાર્યો હતો

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે તેલંગાણા સરકારને મોટો ઝટકો આપતા રાજ્યમાં અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધુ વધારવાના પ્રસ્તાવને ફગાવી દીધો છે. આ નિર્ણયથી મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની સરકારને નીતિગત મોરચે ઝટકો લાગ્યો છે. રાજ્ય સરકારે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં પછાત વર્ગો (OBC) માટે ૪૨ ટકા અનામત નક્કી કરવાના પોતાના નિર્ણયને હાઈકોર્ટે રદ કર્યા બાદ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બેન્ચે રાજ્ય સરકારની અરજીને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે, જાતિ આધારિત અનામત માટેની ૫૦ ટકાની મર્યાદા નિશ્ચિત છે અને તેનું ઉલ્લંઘન કરી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી અનામત વધારવા પર હાઈકોર્ટ દ્વારા લાદવામાં આવેલ વચગાળાનો સ્ટે આગામી આદેશ સુધી યથાવત્ રહેશે.તેલંગાણા સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે ૪૨ ટકા OBC અનામત આપવાનો નિર્ણય એક નીતિગત પગલું છે, જેનો હેતુ સ્થાનિક સંસ્થાઓમાં રાજ્યના પછાત વર્ગોને યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો છે. જો કે, આ વધારા સાથે રાજ્યમાં કુલ ક્વોટા (SC, ST અને OBC સહિત) ૬૭ ટકા સુધી પહોંચતો હતો.

અરજીકર્તાઓએ દલીલ કરી હતી કે આ નિર્ણય સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલી ૫૦ ટકાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, જેના કારણે તેને રોકવો જોઈએ. હાઈકોર્ટે પણ આ દલીલને માન્ય રાખીને અનામત વધારવાના પ્રસ્તાવને ફગાવી દીધો હતો.સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવ્યા બાદ હવે આ મામલે હાઈકોર્ટની સુનાવણી પર સૌની નજર રહેશે. નવમી ઓક્ટોબરના રોજ હાઈકોર્ટે સુનાવણી દરમિયાન રાજ્ય સરકારને પોતાનો વિગતવાર જવાબ રજૂ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. રાજ્ય સરકારનો પ્રતિભાવ અને આ મામલે કોર્ટનું અંતિમ વલણ શું રહે છે, તે જોવાનું રહેશે. હાલમાં, સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પર તેલંગાણા સરકાર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. જો કે, આ નિર્ણયથી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીને લઈને ચાલી રહેલી રાજકીય અને કાનૂની અનિશ્ચિતતા યથાવત્ રહી છે.

### ગોખલેએ ૨૫% લઘુત્તમ PF બેલેન્સ નિયમની ટીકા કરી

# EPFOના નવા નિયમો પર વિવાદ : ૨૫ ટકા રકમ માટે ૧૨ મહિનાનું વેઈટિંગ

### કેટલાક ફેરફારો પર વિપક્ષે સરકાર પર નિશાન સાધ્યું

નવી દિલ્હી, તા.૧૬

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા તાજેતરમાં PF ખાતામાંથી ઉપાડને સરળ બનાવવા માટે અનેક મોટા ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે. જોકે, આ જાહેરાત બાદ, કેટલાક ફેરફારો પર વિપક્ષે સરકાર પર નિશાન સાધ્યું છે. વિપક્ષના વિરોધનું મુખ્ય કારણ PF ખાતામાં ૨૫% લઘુત્તમ બેલેન્સ રાખવાની ફરજિયાત અને પ્રી-મેચ્યોર ફાઈનલ સેટલમેન્ટ માટેની સમયમર્યાદા ૨ મહિનાથી વધારીને ૧૨ મહિના કરવાનો મુદ્દો છે. આ આરોપો છતાં, સરકારે આ બાબતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

EPFOએ PF ઉપાડ સરળ બનાવ્યો છે, જેમાં ડૉક્યુમેન્ટેશનની જરૂરિયાત દૂર કરી છે. હવે સભ્યો ૨૫% લઘુત્તમ બેલેન્સ છોડીને ૭૫% રકમ ઉપાડી શકશે. મુખ્ય પાંચ ફેરફારો આ મુજબ છે.

- પ્રી-મેચ્યોર સેટલમેન્ટ (નોકરી છોડવા પર): સમયરેખા ૨ મહિનાથી વધારીને ૧૨ મહિના (પેન્શન માટે ૩૬ મહિના) કરાઈ.
- ઉપાડની મંજૂરીઃ હવે બેરોજગારી કે નિવૃત્તિ સિવાય પણ ૨૫% મિનિમમ બેલેન્સ રાખીને સંપૂર્ણ રકમ (૭૫%) ઉપાડવાની મંજૂરી.
- કારણમુક્તિઃ PF ઉપાડવા માટે કારણ જણાવવાની જંજાળ અને ડૉક્યુમેન્ટેશનમાંથી મુક્તિ.
- આંશિક ઉપાડની મર્યાદા વધીઃ શિક્ષણ માટે ૧૦ વખત અને લગ્ન માટે ૫ વખત રકમ ઉપાડી શકાશે (અગાઉ કુલ ૩ વખતની મર્યાદા હતી).
- સર્વિસ ટેન્યોરઃ આંશિક ઉપાડ માટે સર્વિસ અવધિની મર્યાદા એકરૂપ કરીને ૧૨ મહિના નક્કી કરાઈ.

EPFOએ લાંબા ગાળાની નિવૃત્તિ બચત સુધારવાના ઉદ્દેશથી PF ઉપાડના નિયમોમાં મોટા ફેરફારોને મંજૂરી આપી છે, પરંતુ આનાથી રાજકીય વિવાદ શરૂ થયો છે. વિપક્ષ આ સુધારાને કઠોર અને કર્મચારીઓને સજા આપનારા ગણાવે છે. જોકે, કેન્દ્રીય શ્રમ મંત્રાલય દાવો કરે છે કે આ સંશોધિત માળખું લાખો કર્મચારીઓની સામાજિક સુરક્ષા મજબૂત કરશે. મંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે PF ફંડનો ૨૫% હિસ્સો લૉક રાખવાથી સભ્યોને ૮.૨૫% વાર્ષિક વ્યાજ અને કમ્પાઉન્ડિંગનો સતત લાભ મળશે, જેનાથી નિવૃત્તિ ફંડ મોટું બનશે.

આ લઘુત્તમ બેલેન્સ નિયમની ટીકા કરતાં, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાકેત ગોખલેએ એવી દલીલ કરી કે આ નવો નિયમ કર્મચારીની મહેનતની કમાણીનો એક-ચતુર્થાંશ હિસ્સો અસરકારક રીતે નિવૃત્તિના સમય સુધી લૉક કરી દે છે. તેમણે પોતાની ઠ પોસ્ટ પર લખ્યું કે, કલ્પના કરો કે નોકરી છૂટી જાય અને તમારે બિલ તેમજ EMI ચૂકવવાની હોય, તો પણ સરકાર તમને પૂરા એક વર્ષ સુધી તમારા પૈસા ઉપાડવાની મંજૂરી આપશે નહીં. ગોખલેએ વધુમાં જણાવ્યું કે બેરોજગારીની સ્થિતિમાં પણ, કર્મચારી માત્ર ૭૫% રકમ જ ઉપાડી શકશે.

સાંસદ સાકેત ગોખલેએ EPFOના નિયમોમાં થયેલા ફેરફારો સામે વધુ એક મુદ્દો ઉઠાવ્યો. તેમણે સમય પહેલા સંપૂર્ણ ઉપાડ માટેની સમયમર્યાદા ૨ મહિનાથી વધારીને ૧૨ મહિના અને EPS-95 યોજના હેઠળ પેન્શન ઉપાડવા માટેની સમયમર્યાદા ૨ મહિનાથી વધારીને ૩૬ મહિના કરવાની ટીકા કરી. ગોખલેએ પોતાની પોસ્ટમાં જણાવ્યું કે આ નિર્ણય કર્મચારીઓની પોતાની બચત સુધીની પહોંચને અયોગ્ય રીતે મર્યાદિત કરશે. અગાઉ, નોકરી છૂટ્યા બાદ ૨ મહિનામાં EPF બેલેન્સ ઉપાડી શકાતું હતું, પરંતુ હવે એક વર્ષની રાહ જોવી પડશે. તેમના મતે, પોતાના પૈસા ઉપાડવા માટે કર્મચારીએ હવે આખું એક વર્ષ બેરોજગાર રહેવું પડશે.

જ્યાં એક તરફ તૃણમૂલ કોંગ્રેસના સાંસદએ સરકારના નિર્ણયોની ટીકા કરી છે, ત્યાં બીજી તરફ CBT અધિકારીઓ મુજબ, આ નિર્ણયનો હેતુ લાંબા ગાળાની બચતનું રક્ષણ કરવાનો અને સમય પહેલા ઉપાડને નિરુત્સાહિત કરવાનો છે, જે નિવૃત્તિ ફંડને ખતમ કરી નાખે છે. રિપોર્ટ્સ સૂચવે છે કે નિષ્ણાતો પણ આ વાત સાથે સહમત છે કે આનાથી EPFO સભ્યો તેમની સાચી જરૂરિયાતો માટે તેમની સંપૂર્ણ પાત્ર રકમનો ઉપયોગ કરી શકશે અને સાથે જ નિવૃત્તિ માટે એક સુરક્ષિત હિસ્સો પણ જાળવી શકશે.

### સરકારી કર્મચારીઓ માટે મોટા સમાચાર

# પેન્શન અને રિટાયરમેન્ટ પર સરકારની નવી જાહેરાત

### દરેક વિભાગમાં "પેન્શન મિત્ર"ની નિમણૂક કરાશે : કોઈપણ સરકારી કર્મચારીને તેમના અધિકારો માટે રાહ જોવી પડશે નહીં.

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓ માટે એક મોટો રાહતનો નિર્ણય લીધો છે. નિવૃત્તિ પછી પેન્શન અને નિવૃત્તિ લાભો મેળવવામાં હવે કોઈ વિલંબ થશે નહીં. આ માટે સરકારે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. આનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ કર્મચારીને પેન્શન અથવા પેન્શન ચુકવણી ઓર્ડર (PPO) માટે મહિનાઓ સુધી રાહ જોવી ન પડે.પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગ (DoPPW) દ્વારા નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. બધા મંત્રાલયો અને સરકારી વિભાગોને સૂચના આપવામાં આવી છે કે નિવૃત્તિ પહેલાં PPO જારી કરવામાં આવે. સરકારે તમામ વિભાગોને કર્મચારીઓની સર્વિસ બુક ડિજિટાઈઝ કરવાનો આદેશ આપ્યો છે. હવે, દરેક કર્મચારીનો રેકોર્ડ e-HRMS સિસ્ટમ પર ઓનલાઈન હશે, જેનાથી પેન્શન પ્રક્રિયા વધુ પારદર્શક બનશે.હવે દરેક વિભાગમાં "પેન્શન મિત્ર" અથવા "કલ્યાણ અધિકારી" તૈનાત કરવામાં આવશે. આ અધિકારીઓ નિવૃત્ત કર્મચારીઓને ફોર્મ ભરવા, દસ્તાવેજો તૈયાર કરવા અને પેન્શન માટે અરજી કરવામાં મદદ કરશે. કર્મચારીના મૃત્યુની સ્થિતિમાં આ અધિકારીઓ પરિવારને ફેમિલી પેન્શન મેળવવામાં પણ મદદ કરશે. તકેદારી મંજૂરીનો અભાવ હવે પેન્શન જારી કરવામાં અવરોધ રહેશે નહીં. જો કોઈ કર્મચારી તપાસ હેઠળ હોય, તો પણ તેમને વચગાળાનું પેન્શન આપવામાં આવશે. ગ્રેચ્યુઈટી ફક્ત અંતિમ આદેશ જારી ન થાય ત્યાં સુધી જ રોકી રાખવામાં આવશે.સરકારે તમામ મંત્રાલયોને ભવિષ્ય પોર્ટલ સાથે જોડાવાનો આદેશ આપ્યો છે. આ પોર્ટલ વાસ્તવિક સમયમાં પેન્શન કેસોનું નિરીક્ષણ કરશે અને ખાતરી કરશે કે નિવૃત્તિના બે મહિના પહેલા પીપીઓ જારી કરવામાં આવે. વધુમાં, પેન્શન કેસોનું નિરીક્ષણ કરવા માટે એક નિરીક્ષણ દેખરેખ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. દરેક મંત્રાલયમાં એક નોડલ નિરીક્ષણ સમિતિની રચના કરવામાં આવશે અને એક ઉચ્ચ-સ્તરીય નિરીક્ષણ સમિતિ (HLOC) દર બે મહિને પેન્ડિંગ કેસોની સમીક્ષા કરશે.

### હોટલમાં બોલાવી વીડિયો ઉતારી જિંદગી બગાડી નાખી

# ફેસબુક પર નામ બદલીને યુવકે હિન્દુ યુવતીને ફસાવી

### તેનું શારીરિક શોષણ કર્યા બાદ છાત્રાનો અશ્લીલ વીડિયો અને ફોટો બતાવી ધર્મ પરિવર્તન કરાવાની ધમકી આપતો

કાનપુર, તા.૧૬

યૂપીના કાનપુરમાં ફરી એક વાર મુસ્લિમ સમુદાયના યુવકે નામ બદલીને હિન્દુ ધર્મની છાત્રાને પ્રેમજાળમાં ફસાવી. તેનું શારીરિક શોષણ કર્યા બાદ છાત્રાનો અશ્લીલ વીડિયો અને ફોટો બતાવી ધર્મ પરિવર્તન કરાવવાની ધમકી આપતો. પોલીસે હવે આ યુવકની ધરપકડ કરી લીધી છે. તેના પર ગંભીર ધારાઓ અંતર્ગત કેસ ચલાવવામાં આવશે.સોશિયલ મીડિયા પર ફેસબુક અકાઉન્ટ દ્વારા કલ્યાણપુરની રહેવાસી ધોરણ ૧૧માં ભણતી છોકરી, બેબી રાજા નામના યુવકના સંપર્કમાં ૨ વર્ષ પહેલા આવી હતી. ધીમે ધીમે તેમની દોસ્તી વધતી ગઈ. સોશિયલ મીડિયા પર ચેટ દ્વારા પ્રેમ થયો. પછી બંને ફરવા લાગ્યા. પણ છોકરાના મગજમાં કંઈક અલગ જ ચાલી રહ્યું હતું. છોકરો ફેસબુક પર બેબી રાજા નામથી અકાઉન્ટ ચલાવતો હતો, જ્યારે તેનું અસલી નામ નિયાઝ અહમદ ખાન હતું.

જ્યારે છોકરીને છોકરાની અસલી હકીકત જાણવા મળી તો છોકરીએ નિયાઝ સાથે ઝઘડો કર્યો પણ છોકરાના મનમાં તો કંઈક બીજું જ ચાલતું હતું. છોકરાએ કાવતરું ઘડીને છોકરીને દ્વિવેદી મેંશન હોટલમાં બોલાવી કે કંઈક વાત કરવી છે અને માફી માગવી છે.

આ છોકરી છોકરાની મીઠી વાતોમાં આવી ગઈ અને હોટલમાં મળવા ગઈ. યુવકે વિચાર્યું કે કાવતરા અંતર્ગત છોકરીને નશીલું પીણું પીવડાવ્યું જે બાદ તે બેભાન થઈ ગઈ. યુવકે આ દરમ્યાન તેની સાથે શારીરિક સંબંધ બનાવ્યા અને છાત્રાના અશ્લીલ વીડિયો અને ફોટો લઈ લીધા.

ભાનમાં આવતા છોકરી પોતાના ઘરે જતી રહી અને બીજા દિવસે નિયાઝ અહમદે પોતાના કાવતરાં અંતર્ગત તેનો વીડિયો ફોટો સોશિયલ મીડિયા પર અપલોડ કરી દેવાની ધમકી આપી શારીરિક શોષણ કરવા લાગ્યો. હદ તો ત્યારે થઈ જ્યારે મુસ્લિમ યુવક બાળકી પર બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવાનું પ્રેશર નાખવા લાગ્યો. આખરે બાળકીએ કંટાળીને આ વાત પોતાના પરિવારને જણાવી તો રાવતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા પહોંચ્યા. જ્યારે પોલીસે છોકરી પર જ દોષ લગાવતો તેને ભગાડી દીધી. ત્યારે છોકરીએ કંટાળીને પોલીસ કમિશનર સામે હાજર થઈ અને કમિશ્નરે આરોપી યુવક પર કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું. કાનપુરના જોઈન્ટ પોલીસ કમિશનર આશુતોષ કુમારે જણાવ્યું કે, મહિલા અપરાધ પર તત્પરતા સાથે આરોપી યુવકની ધરપકડ કરી લીધી અને ગંભીર ધારાઓમાં કેસ નોંધી લીધો. જો કે નિયાઝ અહમદે ધરપકડ થાય તે પહેલા ફેસબુક અકાઉન્ટ એડિટ કરીને બેબી રાજા ખાન કરી દીધું હતું.

# ખરેખર તમે ત્યારે નિષ્ફળ જાઓ છો જ્યારે તમે હાર માનવાનું નક્કી કરો છો

### પોતાના વિચારો જાહેર કરતા કોહલીએ સ્પષ્ટ કર્યું છે કે તે હવે ૨૦૨૭નો વર્લ્ડ કપમાં રમવા તમામ પ્રયત્નો કરશે

નવી દિલ્હી, તા.૧૬

નિવૃત્તિ અંગેની અટકળો વચ્ચે ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ટીકાકારોને યોગ્ય જવાબ આપ્યો છે. કોહલીએ પોસ્ટ શેર કરતા લખ્યું, "ખરેખર તમે ત્યારે નિષ્ફળ જાઓ છો જ્યારે તમે હાર માનવાનું નક્કી કરો છો." પોતાના વિચારો જાહેર કરતા વિરાટ કોહલીએ સ્પષ્ટ કર્યું છે કે તે હવે હાર માનવાનો નથી. વિરાટ કોહલી હવે ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમવા માટે તેના તમામ પ્રયત્નો કરશે.

આ પોસ્ટ દ્વારા વિરાટ કોહલીએ સ્પષ્ટ કર્યું છે કે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને ૨૦૨૭ વર્લ્ડ કપ રમવા માટે કેટલો પ્રતિબદ્ધ છે. આ એક પોસ્ટ દ્વારા વિરાટ કોહલીએ ટીકાકારોની બોલતી બંધ કરી દીધી છે. આ લોકો સતત તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની સલાહ આપી રહ્યા છે અથવા તેની નિવૃત્તિ વિશે અટકળો કરી રહ્યા છે. વિરાટ કોહલીએ અત્યાર સુધીમાં ૩૦૨ ODIની ૨૯૦ ઈનિંગ્સમાં ૫૭.૮૮ની સરેરાશથી ૧૪,૧૮૧ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૫૧ સદી અને ૭૪ અડધી સદી ફટકારી છે. ODIમાં તેનો શ્રેષ્ઠ સ્કોર ૧૮૩ છે.

વિરાટ કોહલીએ ૨૦૨૫માં સાત ODI રમી છે, જેમાં તેણે ૪૫.૮૩ની સરેરાશથી ૨૭૫ રન બનાવ્યા છે. આ દરમિયાન, તેણે એક સદી અને બે અડધી સદી ફટકારી છે. વિરાટ કોહલી છેલ્લે માર્ચ ૨૦૨૫માં ICC ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન ભારત માટે રમ્યો હતો. ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની પાંચ મેચમાં વિરાટ કોહલીએ ૫૪.૫૦ની સરેરાશથી ૨૧૮ રન બનાવ્યા હતા, જેમાં એક સદી અને એક અડધી સદીનો સમાવેશ થાય છે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ દરમિયાન વિરાટ કોહલીએ પાકિસ્તાન સામે એક મેચમાં સદી અને સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ૮૪ રન બનાવ્યા હતા.

### અમારી પહેલી પ્રાથમિકતા દેશવાસીઓનું હિત છે : કેન્દ્ર

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ભારતે રશિયામાંથી ક્રૂડની ખરીદી અટકાવી દીધી છે. આ દાવા પર કેન્દ્ર સરકારે સ્પષ્ટતા આપી છે કે, અમારી પ્રાથમિકતા દેશવાસીઓનું હિત છે. વિદેશ મંત્રાલયે આજે ફરી એકવાર અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, ભારત મોટાપાયે ક્રૂડ અને ગેસની આયાત કરે છે. અમારી પ્રાથમિકતા આ ભારે અસ્થિરતા ધરાવતા માર્કેટમાં ભારતીય ગ્રાહકોનું હિત ધ્યાનમાં રાખવાની છે. અમારી આયાત પોલિસી સંપૂર્ણપણે આ ઉદ્દેશ પર આધારિત છે. અમે અન્ય કોઈ પરિબળોથી પ્રભાવિત થઈ નિર્ણય લેતા નથી. કેન્દ્ર સરકારનો આ જવાબ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના વધુ એક દાવાને ખોટો ઠેરવી રહ્યો છે. અગાઉ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન સીઝફાયર દરમિયાન દાવો કર્યો હતો કે, તેમની મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયુંછે. ત્યારે પણ ભારતે અને બાદમાં પાકિસ્તાને સ્પષ્ટતા આપી હતી કે, આ સીઝફાયરમાં કોઈની મધ્યસ્થી સ્વીકારવામાં આવી નથી.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, અમે માર્કેટની સ્થિતિના આધારે જુદા-જુદા દેશો સાથે ડીલ કરીએ છીએ. અમેરિકાની વાત કરીએ તો અમે તેની પાસેથી પણ છેલ્લા થોડા વર્ષથી ક્રૂડની ખરીદી કરી છે. આ ખરીદી છેલ્લા એક દાયકામાં ઝડપથી વધી છે. વર્તમાન વહીવટીતંત્રે પણ ભારતની સાથે ઊર્જા સંબંધોને પ્રોત્સાહન આપવા પ્રાથમિકતા આપી છે. ઉલ્લેખનીય છે કે, પહેલાં પણ જ્યારે અમેરિકા તથા યુરોપિયન દેશો તરફથી રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાના સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, ત્યારે ભારતે જવાબ આપ્યો હતો કે, આવા કોઈ પ્રકારના પ્રતિબંધો લાદવામાં આવશે નહીં.ભારતે અનેક વખત કહ્યું છે કે, યુરોપ પણ રશિયા પાસેથી સૌથી વધુ ગેસની ખરીદી કરે છે. તેણે પહેલાં તો પોતાની રશિયા સાથેની ડીલ બંધ કરવી જોઈએ. જો તે એવું નથી કરી શકતું તો તેને ભારત પર સવાલ ઉઠાવવાનો કોઈ અધિકાર નથી.

### SG તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને આપી જાણકારી

# CJI પર જૂતું ફેંકનારા વકીલ વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે

### આ મામલે ભારતના એટર્ની જનરલે કિશોર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવાની સંમતિ આપી દીધી છે

નવી દિલ્હી, તા.૧૬

ભારતના ચીફ જસ્ટિસ (CJI) બી.આર. ગવઈ પર જૂતું ફેંકનાર વકીલ રાકેશ કિશોરની મુશ્કેલીઓ હવે વધતી જોવા મળી રહી છે. કારણ કે હવે તેમની વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ મામલે ભારતના એટર્ની જનરલે કિશોર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવાની સંમતિ આપી દીધી છે. સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ખંડપીઠને આ અંગે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, એટર્ની જનરલે વકીલ રાકેશ કિશોર વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવા સંમતિ આપી છે.સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશન (SCBA)ના અધ્યક્ષ વિકાસ સિંહને લખેલા પત્રમાં એટર્ની જનરલે જણાવ્યું હતું કે, વકીલ રાકેશ કિશોરનું આ કૃત્ય અને કથન માત્ર નિંદનીય નથી, પરંતુ તે સુપ્રીમ કોર્ટની ગરિમા અને અધિકારને ઓછું આંકનારું છે. આ પ્રકારનું આચરણ ન્યાય વિતરણ પ્રણાલીના પાયા પર પ્રહાર સમાન છે. નોંધનીય છે કે, ૬ ઓક્ટોબર, ૨૦૨૫ના દિવસે સુપ્રીમ કોર્ટની કાર્યવાહી દરમિયાન વકીલ રાકેશ કિશોરે CJI ગવઈ પર જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. ઘટના બાદ CJI ગવઈએ આ હુમલાને ભૂલાયેલું પ્રકરણ ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સોમવારે જે થયું તેનાથી હું અને મારા વિદ્વાન ભાઈઓ ખૂબ આઘાતમાં છીએ. અમારા માટે આ એક ભૂલાયેલું પ્રકરણ છે. હું આવી વસ્તુઓથી પ્રભાવિત નથી થવાનો.જોકે, કાર્યવાહી દરમિયાન હાજર રહેલા જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાએ આ ઘટનાની આકરી નિંદા કરી હતી અને કહ્યું હતું કે, આ ઘટના વિશે મારા પોતાના વિચાર છે. તે ભારતના ચીફ જસ્ટિસ છે. આ કોઈ મજાકની વાત નથી. વર્ષોથી ન્યાયાધીશના રૂપે અમે ઘણાં એવા કામ કર્યા છે, જેને અન્ય લોકો યોગ્ય નથી માનતા પરંતુ, આનાથી અમે જે કર્યું છે તેના વિશે અમારા મંતવ્ય નહીં બદલાય.સૉલિસિટર જનરલ તુષાર મહેતા પણ આ ઘટના દરમિયાન કોર્ટમાં હાજર હતા. તેમણે ઘટનાની નિંદા કરી હતી અને કહ્યું કે, આ એક અક્ષમ્ય ઘટના હતી અને ઘટનાને સમાપ્ત માનવી એ ચીફ જસ્ટિસની મહાનતા અને ઉદારતા દર્શાવે છે. આ ઘટના બાદ CJI ગવઈએ રજિસ્ટ્રીને તે વ્યક્તિ વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું. પરંતુ હવે એટર્ની જનરલની સંમતિ બાદ રાકેશ કિશોર વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

### પૂર્વ ધારાસભ્ય સહિત કાર્યકરોના ભાજપને રામ રામ

# મંત્રીમંડળ વિસ્તરણ વચ્ચે ડાંગ જિલ્લા ભાજપમાં ગાબડું

### મંગળ ગાવિતે વિધિવત રીતે કોંગ્રેસમાં પ્રવેશ કર્યો

ડાંગ, તા.૧૬

ગુજરાતમાં નવા મંત્રી મંડળના વિસ્તરણ વચ્ચે ડાંગ જિલ્લાની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. ડાંગના રાજકારણમાં આજે એક મોટો અને મહત્વનો ફેરફાર જોવા મળ્યો છે. ડાંગના પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી સમાજના અગ્રણી નેતા મંગળ ગાવિતે ભાજપ સાથેના પોતાના ટૂંકા સમયમાં આજે પૂર્ણવિરામ મૂકી દીધું છે. ગાવિતે ફરી એકવાર કોંગ્રેસનો હાથ પકડી 'ઘર વાપસી' કરી છે, જેના કારણે જિલ્લા ભાજપમાં મોટું ગાબડું પડ્યું છે. ગાવિત માત્ર એકલા જ કોંગ્રેસમાં જોડાયા નથી, પરંતુ મોટી સંખ્યામાં પોતાના સમર્થકો સાથે તેમણે કોંગ્રેસનું સભ્યપદ લીધું છે. આ ઘટના કોંગ્રેસ માટે ડાંગ જિલ્લામાં મોટી સફળતા અને આવકાર્ય સંકેત છે પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નેતા અમિત ચાવડાના હસ્તે ખેસ ધારણ કરીને મંગળ ગાવિતે વિધિવત રીતે કોંગ્રેસમાં પ્રવેશ કર્યો હતો.મંગળ ગાવિતની સાથે ભાજપના અન્ય સક્રિય કાર્યકરોએ પણ કોંગ્રેસમાં જોડાયા છે, જે ભાજપ માટે મોટો ફટકો ગણી શકાય. કોંગ્રેસમાં જોડાનાર કાર્યકરોની વાત કરીએ તો દીપક પીપળે, જેઓ હાલમાં આહવા તાલુકા પંચાયતના સભ્ય છે, તેમનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, જિલ્લા પંચાયતના સભ્ય લાલભાઈ અને આદિવાસી સમાજના અગ્રણી નેતા વસંતભાઈ પણ કોંગ્રેસમાં જોડાયા છે. આ તમામ નેતાઓનું કોંગ્રેસમાં જોડાણ એ માત્ર વ્યક્તિગત નહીં, પરંતુ જમીની સ્તરે સંગઠન માટે એક મોટી તાકાત ગણાશે. પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિતની કોંગ્રેસમાં ઘર વાપસી થતાંની સાથે જ સ્થાનિક કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ અને જોશ જોવા મળી રહ્યો છે. કાર્યકરો માની રહ્યા છે કે ગાવિતના અનુભવ અને જનસંપર્કથી ડાંગ જિલ્લામાં કોંગ્રેસને ફરી મજબૂત બનાવવામાં મદદ મળશે. આગામી સમયમાં આ ફેરફાર ડાંગ જિલ્લાના રાજકીય સમીકરણો પર કેવો પ્રભાવ પાડે છે, તે જોવું રસપ્રદ રહેશે.

### ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી મેચ ૧૯ ઓક્ટોબરે પર્થમાં રમાશે

પર્થ, તા.૧૬

ભારતીય ક્રિકેટ ટીમ ODI શ્રેણી માટે ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ છે. આ શ્રેણીમાં ત્રણ મેચ રમાશે, જે ૧૯ ઓક્ટોબરથી પર્થમાં શરૂ થશે. વિરાટ કોહલી અને રોહિત શર્મા ફરી એકવાર શ્રેણીમાં રમતા જોવા મળશે, તેથી તેને લઈને ઘણી ઉત્સુકતા છે. ત્યારે એ જાણી લઈએ કે, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ODI શ્રેણીમાં મેચ કયા સમયે શરૂ થશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી મેચ રવિવાર, ૧૯ ઓક્ટોબરના રોજ રમાશે. બીજી મેચ ગુરુવાર, ૨૩ ઓક્ટોબરના રોજ રમાશે. શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ શનિવાર, ૨૫ ઓક્ટોબરના રોજ રમાશે. પહેલી મેચ પર્થમાં રમાશે, બીજી મેચ એડિલેડમાં અને ત્રીજી સિડનીમાં રમાશે. આ મેચો ભારતીય સમય પ્રમાણે સવારે ૯ વાગ્યે શરૂ થશે. આ શ્રેણી વનડે શ્રેણી છે, તેથી મેચ સવારે ૯ વાગ્યે શરૂ થશે અને ટોસ તેના અડધા કલાક પહેલા થશે.ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે જ્યારે પણ મેચ હોય ત્યારે ઉત્સાહ ચરમસીમાએ હોય છે, પરંતુ આ વખતે રોહિત અને કોહલીને કારણે ચાહકો તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ શ્રેણીમાં રોહિત અને કોહલીનું પ્રદર્શન નક્કી કરશે કે તેઓ કેટલા વર્ષો સુધી રમી શકશે.શુભમન ગિલ પહેલીવાર ભારતની ODI ટીમનું નેતૃત્વ કરશે. તેણે અગાઉ T20 અને ટેસ્ટમાં સેવા આપી છે, પરંતુ ODIમાં આ તેની પહેલી તક છે. શુભમન ગિલ વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા સિનિયર ખેલાડીઓ સાથે કેવી રીતે અનુકૂલન સાધે છે તે જોવું રસપ્રદ રહેશે.

### શિવાકાશીથી માલ જ આવ્યો નથી

# વરસાદને કારણે ફટાકડાનાં ભાવમાં સરેરાશ ૧૦થી ૧૨ ટકાનો વધારો

**અહીં સારા એવા પ્રમાણમાં વરસાદ પડયો હતો જેને કારણે જોઇતા પ્રમાણમાં માલ ડિસ્પેચ ન થતો હોવાને કારણે હાલે બજારમાં ખાસ કરીને માર્સલ બોમ્બની શોર્ટેઝ**

કચ્છ,તા.૧૬

સામાન્ય રીતે ફટાકડા ફોડયા વગર દિવાળીની ઉજવણી અધૂરી રહેતી હોય છે, જેનાં કારણે લોકો ફરજિયાતપણે ફટાકડાની ખરીદી કરતા હોય છે. આ વખતે પણ ફટાકડનાં ભાવમાં ૧૦થી ૧૨ ટકા જેટલો વધારો થયો છે. કારણ કે, જ્યાં ફટાકડાઓનું ઉત્પાદન થઈ રહ્યું છે તે શિવાકાશી તામિલનાડુમાં આવેલું છે, અહીં સારા એવા પ્રમાણમાં વરસાદ પડયો હતો. જેને કારણે જોઈતા પ્રમાણમાં માલ ડિસ્પેચ ન થતો હોવાને કારણે હાલે બજારમાં ખાસ કરીને માર્સલ બોમ્બની શોર્ટેઝ જોવા મળી રહી છે. જોકે, ભાવને અગવણીને પણ લોકો મનમૂકીને ફટાકડાની ખરીદી કરી રહ્યા છે.

મહત્ત્વની બાબત એ છે કે, ૨૦૨૪ની દિવાળી સમયે પણ ૧૫ ટકાનો વધારો થયો હતો, તેની તુલનાએ આ વખતે પણ ૧૦થી ૧૨ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. એટલે કે, બે વર્ષમાં ૨૫ થી ૩૦ ટકા જેટલા ભાવ ફટાકડામાં વધ્યા છે. તેની પાછળનું કારણ કેમિકલોમાં થોડાઘણો ભાવ વધારો તેમજ હવે તમામ આઈટમો આકર્ષક બોક્સમાં આવી ગઈ હોઈ બોક્સ પ્રિન્ટિંગના ભાવમાં પણ વધારો થયો છે. તો વરસાદને કારણે માલનું ઉત્પાદન ઓછું થતાં પણ તેની સીધી અસર ભાવો ઉપર પડતી હોય છે.

ભારત અને પાકિસ્તન વચ્ચે થયેલી લડાઈને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું, ત્યારે આ નામ સાથે જ આ વખતે પહેલીવાર માર્કેટમાં ઓપરેશન સિંદૂર બોમ્બ પણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ બોમ્બની વિશેષતા એ છે કે, તે ફૂટયા પછી શેરી, મહોલ્લામાં તેના પડઘા પડતા હોય છે, જેને કારણે પણ લોકો તેની પ્રથમ પસંદગી કરી રહ્યા છે, તો બાળકો માટે ભારતીય ટેક ટાઈપનાં બોમ્બ પણ માર્કેટમાં અત્યારે ધૂમ મચાવી રહ્યા છે.

ફટાકડાનાં હોલેસેલ વેપારી ચૌધરી દિનેશભાઈએ જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ આ વખતે ફટાકડાનાં વેચાણમાં વધારો થયો છે. છતાં લોકો મુક્ત મને ફટાકડાની ખરીદી કરી રહ્યા છે. વળી, આ વખતે માર્કેટમાં ૨૦થી વધુ નવી વેરાઈટીઓ આવી છે જે ગ્રાહકોને પણ આકર્ષી રહી છે. તેમાંય બાળકો માટેનાં ફટાકડાની હાલે સૌથી વધુ ખરીદી જોવા મળી રહી છે, જેમાં એક સાથે પાંચ ધડાકાવાળા ફટકડા, ઝીણા ઝીણા કાગળો હવામાં ઉડતા હોય તેવા, અનેકવિધ પ્રકારની રંગબેરંગી ફૂલઝર, ભોકોઠી, જમીન ચક્કરી, બોમ્બ, રોકેટ સહિતના સદાબહાર ફટાકડાઓની પણ લોકો ખરીદી કરી રહ્યા છે.

ફટાકડાનાં હોલેસેલ વેપારી પરેશ ઠક્કરે જણાવ્યું હતું કે, આ વખતે માર્કેટમાં બાળકો માટે સારા એવા પ્રમાણમાં નવી વેરાઈટીઓ આવી છે, જેમાં બેન્ટેન, છોટા ભીમ, ક્વેટર્સ, ચીટપુટ, કલર પિંજોરા ફટાકડાની સારી માગ છે. આ વખતે ફૂલઝડીમાં પણ નવી વેરાઈટી રેડગ્રીન કે જેમાં એક ડબ્બીમાં બંને મિક્સ આવે છે તેની પણ ડિમાન્ડ છે. આ સિવાય ફેન્સી આઈટમોમાં પીકોક, ફૂલઝડી, દોરી, પેન્સિલ, ફલાવર સ્પોર્ટ, ભંભુ, લવિંગિયા ટેટા, ચકલી છાપ ટેટા, વિવિધ પ્રકારનાં રોકેટ, ભોંચક્કરી સહિતના રૂટિન ફટાકડાની દર વર્ષની જેમ આ વખતે પણ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ડિમાન્ડને કારણે ફટાકડાની માર્કેટમાં તેજી જોવા મળી રહી છે.

### ભારતની સ્મૃતિ મંધાનાએ મહિલા કેટેગરીમાં એવોર્ડ જીત્યો

# અભિષેક શર્મા બન્યો ICC પ્લેયર ઓફ ધ મંથ

નવી દિલ્હી, તા.૧૬

ભારતના આક્રમક ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માને સપ્ટેમ્બર મહિના માટે ICC પ્લેયર ઓફ ધ મંથ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ૨૫ વર્ષીય ખેલાડીએ એશિયા કપ ૨૦૨૫માં શાનદાર પ્રદર્શન કર્યું, ૨૦૦ના પ્રભાવશાળી સ્ટ્રાઈક રેટથી સાત મેચમાં ૩૧૪ રન બનાવ્યા. તે ટુર્નામેન્ટનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો અને ભારતે ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ટાઈટલ જીત્યું. અભિષેક શર્મા ICC T20 બેટિંગ રેન્કિંગમાં નંબર-૧ પર છે. તે આ ફોર્મેટમાં સૌથી વધુ રેટિંગ પોઈન્ટ ધરાવતો ખેલાડી પણ બની ગયો છે. તેણે ક્રિકેટર ઓફ ધ મંથનો એવોર્ડ જીતવા માટે ટીમના સાથી કુલદીપ યાદવ અને ઝિમ્બાબ્વેના બ્રાયન બેનેટને પાછળ છોડી દીધા. અભિષેકે કહ્યું, "ICCનો આ એવોર્ડ જીતીને મને ખૂબ જ સારું લાગી રહ્યું છે અને મને ખુશી છે કે મને કેટલીક મહત્વપૂર્ણ મેચો માટે આ એવોર્ડ મળ્યો છે જેમાં મેં વિજય મેળવવામાં મદદ કરી છે. મને એવી ટીમનો ભાગ બનવાનો ગર્વ છે જે સૌથી પડકારજનક પરિસ્થિતિઓમાં પણ જીતી શકે છે. T20 મેચોમાં અમારો તાજેતરનો રેકોર્ડ અમારી બેસ્ટ ટીમ કલ્ચર અને સકારાત્મક માનસિકતાને પ્રતિબિંબિત કરે છે."

ભારતની ઓપનિંગ બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ મહિલા કેટેગરીમાં આ પુરસ્કાર જીત્યો. તેણીએ ઓસ્ટ્રેલિયા સામેની ઘરેલુ ODI શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું, ત્રણ મેચમાં ૫૮, ૧૧૭ અને ૧૨૫ રન બનાવ્યા. ભારતીય મહિલા ટીમની વાઈસ-કેપ્ટને ચાર ODI મેચમાં ૭૭ની સરેરાશ અને ૧૩૫.૬૮ના સ્ટ્રાઈક રેટથી ૩૦૮ રન બનાવ્યા. આ દરમિયાન તે વનડે ઈતિહાસમાં સૌથી ઝડપી સદી ફટકારનાર ભારતીય ક્રિકેટર પણ બની અને વિરાટ કોહલીનો રેકોર્ડ પણ તોડ્યો.

દક્ષિણ આફ્રિકાની તાઝમિન બ્રિટ્સ અને પાકિસ્તાનની સિદ્રા અમીન પણ આ એવોર્ડની રેસમાં હતી. મંધાનાએ કહ્યું, "એક ખેલાડી તરીકે, આ પ્રકારનું સન્માન તમને આગળ વધવા અને વધુ સારું કરવા માટે પ્રેરિત કરે છે. મારું લક્ષ્ય હંમેશા મારું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું અને ટીમ માટે મેચ જીતવાનું રહ્યું છે."

### અરવિંદ કેજરીવાલની આગાહી

# ગુજરાતમાં કોંગ્રેસ જેવા હાલ ભાજપના થશે, આગામી ચૂંટણી જ બતાવશે

**પ્રવીણ રામ અને રાજુ કરપડાની ધરપકડને લોકશાહી પર હુમલો ગણાવ્યો અને કેસ પાછા ખેંચવાની માંગ કરી**

નવી દિલ્હી, તા.૧૬

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે ગુજરાત સરકારે દમનની તમામ હદ વટાવી દીધી છે. ખેડૂતોનો અવાજ ઉઠાવવા બદલ AAP નેતાઓ પ્રવીણ રામ અને રાજુ કરપડાની ધરપકડ લોકશાહી પર હુમલો છે. કેજરીવાલે રાજ્ય સરકાર પર ખેડૂતોની સમસ્યાઓ દબાવવાનો સીધો આરોપ લગાવ્યો.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાતની ભાજપ સરકાર પર ઘમંડી હોવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે સરકાર ખેડૂતો પર નિર્દયતાથી જુલમ અને દમન કરી રહી છે. તેમણે ધ્યાન દોર્યું કે કોંગ્રેસે લગભગ ૩૦ વર્ષ પહેલાં પણ આવું જ કર્યું હતું, અને તેમને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા, અને હવે ભાજપ પણ એ જ માર્ગે ચાલી રહી છે. કેજરીવાલે ભાજપને ચેતવણી આપતા કહ્યું કે ગરીબ ખેડૂતોના રડવાનો અવાજ તેમને ક્યાંય છોડશે નહીં. ગુરુવારે સોશિયલ મીડિયા પર રિલીઝ થયેલા એક વીડિયોમાં કેજરીવાલે આ ટિપ્પણી કરી હતી. તેમાં, તેમણે સમજાવ્યું કે ગુજરાતના બોટાદમાં ખેડૂતોએ તાજેતરમાં બે મુખ્ય માંગણીઓ ઉઠાવવા માટે મહાપંચાયત બોલાવી હતી, પરંતુ પોલીસે લાઠીચાર્જ કર્યો, ખેડૂતોને નિર્દયતાથી માર માર્યો, અને પછી ટીયર ગેસના શેલ છોડ્યા, તેમને વિખેરી નાખ્યા. વધુમાં, પોલીસે આ મહાપંચાયતના સંદર્ભમાં આશરે ૮૫ ખેડૂતો સામે કેસ દાખલ કર્યો, જેમાં હત્યાના પ્રયાસનો પણ સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે આ આંદોલન દરમિયાન દરેક પગલા પર ખેડૂતો સાથે ખભે ખભા મિલાવીને ઉભા રહેલા તેમના પક્ષના બે નેતાઓની ગુરુવારે ધરપકડ પણ કરવામાં આવી હતી.

આ વીડિયો શેર કરતા કેજરીવાલે લખ્યું, "૧૯૮૫માં કોંગ્રેસે ગુજરાતમાં ૧૮૨ બેઠકોમાંથી ૧૪૯ બેઠકો જીતી હતી. કોંગ્રેસ ઘમંડી બની ગઈ હતી. ૧૯૮૭માં ખેડૂત આંદોલન થયું. કોંગ્રેસે તેને દબાવી દીધું, અને ગુજરાતના લોકોએ આગામી ચૂંટણીમાં ૧૪૯ બેઠકો ધરાવતી કોંગ્રેસને હાંકી કાઢી. ભાજપ છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તામાં છે. તેઓ પણ ખૂબ જ ઘમંડી બની ગયા છે. જે રીતે તેમણે ખેડૂતોને દબાવવાનું શરૂ કર્યું છે, તે રીતે ગુજરાતના લોકો આગામી ચૂંટણીમાં ભાજપને હાંકી કાઢશે."

તેમણે શેર કરેલા વીડિયોમાં કેજરીવાલે કહ્યું, "ગુજરાતના ખેડૂતો ખૂબ જ નાખુશ છે, અને ગુજરાતના ખેડૂતો તેમના હકો માંગવા માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે." છેલ્લા કેટલાક દિવસોથી, ગુજરાતના ખેડૂતો તેમના હકો માંગવા માટે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ૧૨ ઓક્ટોબરે પણ આવી જ ઘટના બની હતી. ગુજરાતના ખેડૂતોની ઘણી માંગણીઓ છે, પરંતુ તેમણે બે મુદ્દાઓને ઉકેલવા માટે ૧૨ ઓક્ટોબરના રોજ બોટાદ જિલ્લાના હરદાદ ગામમાં મહાપંચાયત બોલાવી હતી. ગુજરાતમાં "કદડા" (વેપારી પ્રથા) નામની એક વ્યવસ્થા છે. આ વ્યવસ્થા હેઠળ, જ્યારે ખેડૂત પોતાનો પાક વેચવા બજારમાં જાય છે, ત્યારે વેપારી અને ખેડૂત વચ્ચે ભાવ અંગે કરાર થાય છે. જોકે, કેટલાક વેપારીઓ "કદડા" (છેતરપિંડીની પ્રથા) ના આડમાં ખેડૂતોનું શોષણ કરે છે. તેઓ સંમત ભાવે ૧૦૦-૧૫૦ કિલો (૧૦-૨૦ ટકા) પાક ખરીદે છે, પરંતુ બાકીના પાકને ખામીયુક્ત જાહેર કરે છે, દાવો કરે છે કે તેમને સંપૂર્ણ ભાવ મળશે નહીં, અને તે ઓછા ભાવે ખરીદે છે. લગભગ બધા ખેડૂતો સાથે આવું થઈ રહ્યું છે. ખેડૂતો આ શોષણથી રક્ષણની માંગ કરે છે.

વેપારીઓએ સંમત ભાવે આખો પાક ખરીદવાની ફરજ પાડવી જોઈએ. ખેડૂતો ફક્ત તેમના ઉત્પાદન માટે વાજબી ભાવની માંગ કરી રહ્યા છે.

### દુષિત કફ સિરપથી બાળકોનાં મૃત્યુ બાદ સરકારે લીધેલો નિર્ણય

# દવાઓ અને કોસ્મેટિક્સની ગુણવત્તા, તપાસ માટે કેન્દ્ર કડક કાયદો લાવશે

**આ કાયદામાં લાઇસન્સિંગ પ્રક્રિયાને ડિજિટાઇઝ કરવા, રાજ્યના નિયમનકારો વચ્ચે સંકલન વધારવા તથા ટેસ્ટિંગ લેબની ક્ષમતાને વધારવાની જોગવાઈ સામેલ હશે**

નવી દિલ્હી, તા.૧૬

દુષિત કફ સિરપને કારણે દેશના કેટલાંક રાજ્યોમાં ૨૪ જેટલાં બાળકોના મોતની ઘટના બાદ સફાળી જાગેલી સરકાર દવાઓ અને મેડિકલ સાધનોની સુરક્ષા તેમજ ગુણવત્તાના ધોરણોનું ચુસ્ત પાલન કરાવવા માટે નવો કડક કાયદો લાવશે. આ કાયદો દવાની ગુણવત્તાનું પરીક્ષણ તથા બજાર દેખરેખ માટે કાનૂની માળખાને વધુ મજબૂત બનાવશે સાથે જ તબીબી ઉત્પાદનો અને સૌંદર્ય પ્રસાધનોનું નિયમન પણ કરશે. નકલી દવાઓના સેવનથી લોકોના જીવન સાથે થઈ રહેલા ચેડાંના કિસ્સાઓ બાદ હવે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે કડક કાયદો લાવવાની તૈયારી કરી છે.વૈશ્વિક સ્તરે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) સહિતની આરોગ્ય નિયમનકારી સંસ્થાઓ દ્વારા ભારતીય દવા ઉત્પાદકો દ્વારા કેટલીક ગંભીર બેદરકારી રાખવામાં આવતી હોવાની કેટલીક ફરિયાદો ઉઠાવાઈ છે. મંગળવારે કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ડ્રગ્ય કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) ડો. રાજીવ રઘુવંશીએ ડ્રગ્સ, મેડિકલ ડિવાઈસિસ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૨૦૨૫નો મુસદ્દો રજૂ કર્યો હતો.

આ બેઠકમાં ડીસીજીઆઈ અને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ)ના વરિષ્ઠ અધિકારીઓએ પ્રસ્તાવિત કાયદાના માળખાની રૂપરેખા આપી હતી. તાજેતરમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા ઉત્તરપ્રદેશમાં દૂષિત કફ સિરપ પીધા બાદ અનેક બાળકોના મોતની ઘટનાના થોડા દિવસો બાદ આ બેઠક બોલાવાઈ હતી. સૂત્રોના મતે મંજૂરી મળ્યા બાદ નવો કાયદો સીડીએસસીઓ સત્તાવાળાઓને ભારતમાં બનતી દવા, મેડિકલ સાધનો તથા કોસ્મેટિક્સના સ્થાનિક વપરાશ તથા નિકાસ બંને માટે કડક ગુણવત્તા પરીક્ષણ અને દેખરેખ સુનિશ્ચિત કરવાની કાનૂની સત્તા આપશે.

નવા કાયદા અંતર્ગત એવું માનવામાં આવે છે કે જો દવા ઉત્પાદકોએ ગુણવત્તા સાથે બાંધછોડ કરી હોવાનું જણાશે તો સીડીએસસીઓને સૌપ્રથમ વખત તાત્કાલિક કડક કાર્યવાહીની સત્તા પ્રાપ્ત થશે. આ કાયદામાં લાઈસન્સિંગ પ્રક્રિયાને ડિજિટાઇઝ કરવા, રાજ્યના નિયમનકારો વચ્ચે સંકલન વધારવા તથા ટેસ્ટિંગ લેબની ક્ષમતાને વધારવાની જોગવાઈ સામેલ હશે. આ નવો કાયદો આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબનો હશે જે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૦નું સ્થાન લેશે. નવા કાયદાનો હેતુ ઉત્પાદનથી બજાર વિતરણ સુધી દવાઓની ગુણવત્તા અંગે જવાબદારી અને પારદર્શકતાનો હશે.

### અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર ભીડ જામી

# મુસાફરોની ભારે ભીડ જોતાં પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તત્કાળ અસરથી સ્થગિત કરી દેવાયું

**શહેરોમાં રહેતા લોકો પોતાના વતનમાં જવા માટે રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યા છે**

અમદાવાદ,તા.૧૬

દિવાળીના તહેવારો હવે શરુ થઈ રહ્યા છે ત્યારે તમામ રેલવે સ્ટેશનો મુસાફરોથી ઉભરાઈ રહ્યા છે. શહેરોમાં રહેતા લોકો પોતાના વતનમાં જવા માટે રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યા છે ત્યારે દિવાળી અને છઠ પર્વ દરમિયાન અધિકૃત મુસાફરોની સુવિધા જળવાઈ રહે તે માટે અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તત્કાળ અસરથી સ્થગિત કરી દેવાયું છે.

ડીઆરએમ ઓફિસ અમદાવાદ તરફથી મળેલી માહિતી મુજબ દિવાળી અને છઠ પર્વ દરમિયાન વતનમાં જવા માટે હજારો લોકો રેલવે સ્ટેશનો પર ઉમટી રહ્યા છે.

રેલવે દ્વારા ખાસ ટ્રેનો પણ શરુ કરાઈ છે. પ્લેટફોર્મ પર મુસાફરોની ભારે અવરજવર જોવા મલી રહી છે. મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર ભીડ નિયંત્રણ અને મુસાફરોની સુવિધા જળવાઈ રહે તે માટે પ્લેટફોર્મ ટિકીટનું વેચાણ તાત્કાલિક ધોરણે સ્થગિત કરી દેવાનો નિર્ણય લેવાયો છે.

૧૬ ઓક્ટોબરથી ૨૭ ઓક્ટોબર સુધી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તમામ માધ્યમોથી બંધ કરી દેવાનો નિર્ણય કરાયો છે જેથી મુસાફરોને લેવા મુકવા જતા લોકોએ આ માહિતી મેળવ્યા બાદ જ પ્લેટફોર્મ પર જવું

આ નિર્ણય મુસાફરોની સુરક્ષા સુવિધા સુચારુ કરવા આ નિર્ણય કરાયો છે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને અને નાગરિકોને વિનંતી કરાઈ છે કે આ સમયગાળામાં બિનજરુરી ભીડથી બચો અને સ્ટેશન પર જે લોકો યાત્રા કરવા જવાના છે જે લોકો ઉપસ્થિત રહે

### જયશંકરે UNમાં તાત્કાલીક સુધારો કરવાની કરી માંગ

# સંયુક્ત રાષ્ટ્ર હજુ ૧૯૪૫માં જીવી રહ્યું છે : જયશંકર

**તેમણે કહ્યું કે, 'યુએન શાંતિ મિશનની સ્થાપના થઈ, ત્યારથી અત્યાર સુધીમાં ભારતે મોટું યોગદાન આપ્યું છે**

નવી દિલ્હી, તા.૧૬

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બુધવારે નવી દિલ્હીમાં યોજાયેલા સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય યોગદાન આપતા દેશોના સંમેલનમાં ભાગ લીધો હતો. અહીં તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આજનું સંયુક્ત રાષ્ટ્ર હજુ પણ ૧૯૪૫ની પરિસ્થિતિની જેમ કામ કરી રહ્યું છે. વિકાસશીલ દેશોનો અવાજ બુલંદ કરવા પર ભાર મૂકતાં વિદેશ મંત્રીએ કહ્યું કે '૮૦ વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોની સંખ્યા ચાર ગણી વધી છે. તેથી તેણે વિકાસશીલ દેશોનો અવાજ બુલંદ કરવો જોઈએ અને તેના પર જ તેમની વિશ્વસનીયતા ટકી છે. જે સંસ્થાઓ ફેરફાર લાવવામાં નિષ્ફળ જાય છે, તેમના પર વિશ્વસનીયતાનું જોખમ વધે છે. સંયુકત રાષ્ટ્રને અસરકારક બનાવવી હોય તો તેને સુધારવી પડશે.' તેમણે કહ્યું કે, 'યુએન શાંતિ મિશનની સ્થાપના થઈ, ત્યારથી અત્યાર સુધીમાં ભારતે મોટું યોગદાન આપ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનમાં અત્યાર સુધીમાં વિશ્વના ચાર હજારથી વધુ સૈનિકો સામેલ થયા છે, જેમાં ભારતના ૧૮૨ શાંતિ સૈનિકો પણ સામેલ છે. આ શાંતિ સૈનિકો માનવીય મદદ કરવા માટે પોતાના જીવ જોખમમાં નાખે છે. આ સૈનિકોએ સર્વોચ્ચ બલિદાન આપ્યું છે.'

વિદેશ મંત્રીએ સંયુક્ત રાષ્ટ્રને સલાહ આપી છે કે, જે દેશોમાં શાંતિ સેના મોકલવામાં આવે છે, જે દેશોના સૈનિકો તે શાંતિ સેનામાં હોય છે, તે દેશો સાથે પણ શાંતિ અભિયાન અંગે ચર્ચા-વિચારણા કરવી જોઈએ.

### રવિ શાસ્ત્રીએ નિર્ણયનું કર્યું સ્વાગત

# વિદેશી લીગમાં રમવાથી ભારતીય ખેલાડીઓને થશે ફાયદો : શાસ્ત્રી

નવી દિલ્હી, તા.૧૬

ટીમ ઈન્ડિયાના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) ને વિનંતી કરી છે કે તેઓ વધુ ભારતીય ખેલાડીઓને વિદેશી T20 લીગમાં રમવાની મંજૂરી આપે. તેમનું માનવું છે કે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે રમવાનો અનુભવ ભારતીય ખેલાડીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે અને તેમની રમતમાં પરિપક્વતા આવશે.

શાસ્ત્રીએ કહ્યું કે, જેમ IPL ભારતીય ક્રિકેટને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી છે, તેમ વિદેશી લીગમાં રમવાથી ખેલાડીઓને નવી વિચારસરણી, નવી તકનીકો અને એક અલગ માહોલમાં શીખવાની તક મળશે.

હાલમાં BCCI તેના એક્ટિવ ભારતીય ખેલાડીઓને કોઈપણ વિદેશી T20 લીગમાં રમવા માટે મંજૂરી આપતું નથી. ખેલાડીઓ માત્ર ત્યારે જ વિદેશી લીગમાં ભાગ લઈ શકે છે, જો તેઓ બધા ફોર્મેટ (ટેસ્ટ, ODI, T20) માંથી નિવૃત્તિ લેતા હોય અને બોર્ડ પાસેથી NOC (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) મેળવેલ હોય. શાસ્ત્રીએ આ નીતિ બદલવા પર ભાર મુકતા કહ્યું કે, જ્યારે ભારતમાં પ્રતિભાની કોઈ કમી નથી, ત્યારે દરેકને રાષ્ટ્રીય ટીમ અથવા IPLમાં સ્થાન મળતું નથી. આવી સ્થિતિમાં ખેલાડીઓને વિદેશી લીગમાં રમવાની સ્વતંત્રતા આપવી એ ઘણા યુવા ખેલાડીઓના કરિયરને વેગ આપતું પગલું હોઈ શકે છે.

હાલમાં જ ભારતના અનુભવી ઑફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઈતિહાસ રચ્યો છે. તે બિગ બેશ લીગ (BBL) માં સામેલ થનાર પ્રથમ ટોચના ભારતીય ક્રિકેટર બન્યો છે. તેણે આગામી સીઝન માટે સિડની થંડર ફ્રેન્ચાઈઝી સાથે કરાર કર્યો છે.

શાસ્ત્રીએ આ પગલાની પ્રશંસા કરતાં કહ્યું કે, આવા ઉદાહરણો અન્ય ખેલાડીઓને પ્રેરણા આપશે. જો કોઈ ખેલાડી ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવી શકતો નથી અથવા તેની પાસે BCCI દ્વારા છ કે B કરાર નથી, તો તેને બિગ બેશ અથવા અન્ય લીગમાં રમવાથી કેમ રોકવામાં આવે?

# ચૂંટણીના મેદાનમાં ઉતરશે ભોજપુરી સુપરસ્ટાર ખેસારી લાલ

છપરા, તા.૧૬

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં ભોજપુરી સુપરસ્ટાર ખેસારી લાલ યાદવ હવે રાજકારણના મેદાનમાં ઉતરવા જઈ રહ્યા છે. હકીકતમાં જોઈએ તો, લાંબા સમયથી ચાલી રહેલી અટકળોની વચ્ચે હવે એ નક્કી થઈ ગયું છે કે ખેસારી લાલ યાદવ રાજદની ટિકિટ પરથી છપરામાંથી ચૂંટણી લડશે. પહેલા ખેસારી લાલે ખુદ કહ્યું હતું કે તે પોતાની પત્ની ચંદા દેવીને ચૂંટણી લડાવવાની તૈયારીમાં છે. કારણ કે તે પોતાના ફિલ્મી કરિયર પર ધ્યાન આપવા માગે છે, પણ હવે સૂત્રોના જણાવ્યા અનુસાર ,ચંદા દેવીએ ચૂંટણી લડવાની ના પાડી દીધી છે. ત્યાર બાદ ખેસારી લાલ યાદવે ખુદ ચૂંટણીમાં ઉતરવાનો નિર્ણય લીધો છે.

આપને જણાવી દઈએ કે, ખેસારી લાલ યાદવે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે, હું મારી પત્નીને ચૂંટણી લડવા માટે મનાવી રહ્યો છું. જો તે માની જશએ તો ઠીક નહીં તો હું તેજસ્વી યાદવ માટે પ્રચાર કરીશ. હવે જ્યારે તેની પત્નીએ ના પાડી દીધી છે, તો ખેસારી ખુદ લાલૂની લાલટેન પકડવા જઈ રહ્યા છે. રાજકારણમાં તો એવી પણ ચર્ચા છે કે, છપરા સીટ પર હવે મુકાબલો રસપ્રદ થવાનો છે. ભોજપુરી સિનેમાના સૌથી મોટા સ્ટારમાંથી એક ખેસારી લાલ યાદવના મેદાનમાં ઉતરવાથી ચૂંટણી માહોલમાં સ્ટાર પાવરનો તડકો લાગવાનો છે. જો કે ભોજપુરી સિનેમાના પાવર સ્ટાર પવન સિંહે આ વખતે વિધાનસભા ચૂંટણી લડવાની ના પાડી દીધી છે. પણ પવન સિંહ ભાજપ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. આવા સમયે હવે તેમની પાર્ટી ઉમેદવારો માટે વોટ માગવા લોકોની વચ્ચે જશે.

### મૂળ ફિલ્મ ૨૦૧૯માં રિલીઝ થઈ હતી

# 'દે દે પ્યાર દે ૨' ટ્રેલર રિલીઝ, અજય દેવગણ અને માધવનની જોડીએ ધૂમ મચાવી

**'દે દે પ્યાર દે ૨' ફિલ્મમાં રકૂલ પ્રીત સિંહ તેની કો સ્ટાર છે. રકૂલ અજય દેવગણ કરતાં ૨૧ વર્ષ નાની છે**




મુંબઈ, તા.૧૬

પાછલાં કેટલાંક વર્ષોમાં ફલોપ ફિલ્મોનો ખડકલો કરી દેનારો અજય દેવગણ હવે કોઈ ળેશ સબ્જેક્ટ કે નવો સ્ટોરી આઈડિયા અજમાવતાં ડરી રહ્યો છે. આ કારણથી જ તે વારાફરતી એક પછી એક ળેન્ચાઈઝી ફિલ્મોની લાઈન લગાડી રહ્યો છે. તેની આવી વધુ એક ફિલ્મ 'દે દે પ્યાર દે ટુ' આગામી નવેમ્બરમાં રિલીઝ થવાની છે.આ ફિલ્મમાં રકૂલ પ્રીત સિંહ તેની કો સ્ટાર છે. રકૂલ અજય દેવગણ કરતાં ૨૧ વર્ષ નાની છે. ફિલ્મમાં આર માધવન સહિતના અન્ય કલાકારો પણ છે. મૂળ ફિલ્મ ૨૦૧૯માં રિલીઝ થઈ હતી. તે પછી તેની ફ્રેન્ચાઈઝી ફિલ્મ છ વર્ષે રિલીઝ થઈ રહી છે. તેનું ટ્રેલર રિલીઝ થઈ ચૂક્યું છે.આ ફિલ્મ મૂળ તો ગયા મે માસમાં જ રિલીઝ થઈ જવાની હતી. પરંતુ તેનો ડાયરેક્ટર અંશુલ શર્મા શૂટિંગની અધવચ્ચે જ માંદો પડી ગયો હતો. આથી પંજાબ શૂટિંગ કરવા ગયેલાં સમગ્ર યુનિટે મુંબઈ પાછા આવી જવું પડયું હતું. શૂટિંગ પાછળ ઠેલાઈ જતાં તેની અસર પોસ્ટ પ્રોડકશન વર્ક પર પણ પડી હતી. હવે આ ફિલ્મ છેવટે આગામી નવેમ્બરમાં રિલીઝ કરવાની જાહેરાત કરાઈ છે.

### બારડોલીની ઉકા તરસાડીયા યુનિવર્સિટીમાં વિવાદ

# ફિઝિયોથેરાપી વિભાગમાં ફી ઉઘરાવ્યાં બાદ પ્રવેશ રદ કરાતાં ભારે વિરોધ

**વિદ્યાર્થીઓએ આ મામલે પોતાને છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું જણાવ્યું હતું**

સુરત,તા.૧૬

સુરતના બારડોલી ખાતે આવેલી ઉકા તરસડિયા યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી છે. મોડી રાત્રે યુનિવર્સિટીના ગેટની બહાર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉગ્ર વિરોધ કર્યો છે. આ વિરોધનું મુખ્ય કારણ ફિઝિયોથેરાપી વિભાગમાં ફી લીધા બાદ તેમના પ્રવેશ રદ કરવામાં આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના મતે, યુનિવર્સિટી દ્વારા મર્યાદિત બેઠકો ભરાઈ ગઈ હોવા છતાં પ્રવેશ આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ સંપૂર્ણ ફી પણ વસૂલવામાં આવી હતી. પ્રવેશ આપ્યા બાદ અચાનક એડમિશન રદ કરાતા વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ આ મામલે પોતાને છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું જણાવ્યું હતું. તેમની મુખ્ય માંગણી એ હતી કે તેમને આ જ યુનિવર્સિટીના ફિઝિયોથેરાપી વિભાગમાં જ પ્રવેશ આપવામાં આવે, અન્ય કોઈ વિભાગમાં નહીં.

વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીએ તેમની પાસેથી સંપૂર્ણ ફી વસૂલી હતી, જેમાં હોસ્ટેલ ફી અને પ્રથમ સેમિસ્ટરની ફીનો પણ સમાવેશ થાય છે. આ ફી વસૂલવા માટે તેમને પૂરતો સમય પણ આપવામાં આવ્યો ન હતો. વિદ્યાર્થીઓએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટીને ૧૧૮ બેઠકોની મર્યાદા વિશે અગાઉથી જાણ હોવા છતાં, પ્રવેશ વખતે તેમને આ અંગે કોઈ માહિતી આપવામાં આવી ન હતી.

એક વાલીએ જણાવ્યું હતું કે તેમની પુત્રીનો પ્રવેશ મેનેજમેન્ટ કોટા હેઠળ કરવામાં આવ્યો હતો, કારણ કે તેમને સરકારી કોટામાં પ્રવેશ નહીં મળે તેમ જણાવાયું હતું. તેમણે તાત્કાલિક ફી ભરી દીધી હતી, જેમાં ૭૫,૦૦૦ રૂપિયા હોસ્ટેલના અને ૬૫,૦૦૦ રૂપિયા અન્ય ફી તરીકે ભરવામાં આવ્યા હતા. પ્રવેશ કન્ફર્મ થયા બાદ તેઓ નિશ્ચિત બન્યા હતા અને અન્ય કોલેજોમાંથી આવતા ફોન પણ નકાર્યા હતા. હોસ્ટેલ શરૂ થયા બાદ કોલેજ ૨૨ તારીખથી શરૂ થશે તેવો ફોન આવ્યો હતો, પરંતુ હવે પ્રવેશ રદ થવાથી તેઓ ચિંતિત છે. યુનિવર્સિટીના એક પ્રતિનિધિ જ્યારે આ બાબતે પૂછવામાં આવ્યું કે જેમણે એક મહિના સુધી અભ્યાસ કર્યો છે તે છોકરીઓનું શું, ત્યારે તેમણે પોતાને આ માટે ઓથોરાઈઝ્ડ પર્સન ન હોવાનું કહી જવાબદારી ટાળવાનો પ્રયાસ કર્યો હતો.

આ પરિસ્થિતિને પગલે ગ્રામ્ય પોલીસે ઘટના સ્થળે પહોંચીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીઓ ન્યાયની માંગ સાથે યુનિવર્સિટી તંત્ર સામે વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું, જે પ્રવેશ રદ થવાને કારણે થયેલી અન્યાયી કાર્યવાહી સામે તેમના રોષને પ્રતિબિંબિત કરે છે.

# લીલીયા ખાતે એસ.પી. દ્વારા ઈગલ આઈ–૨ અંતર્ગત સી.સી.ટી.વી. કેમેરા લગાવેલ ગામોના સરપંચોને સન્માનિત કરાયા






લીલીયા પોલીસ સ્ટેશનના ગ્રામ્ય વિસ્તારમા પોલીસની તીસરી આંખ–પ્રોજેક્ટ ઈગલ આઈ–૨ અંતર્ગત લીલીયા પોલીસ સ્ટેશનમાં આવતા ગામોમાં પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા સી.સી.ટી.વી. કેમેરા ઈન્સ્ટોલેશન કરેલ ગામોના સરપંચોનુ સન્માન કરવામા આવેલ પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન અને સૂચના મુજબ તેઓની વિશેષ ઉપસ્થિતિમાં લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી. સાળુંકેની રાહબરી હેઠળ લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારના ગામો ખાતે ગ્રામજનોના સહયોગથી અને લોક ભાગીદારીથી લીલીયા તાલુકા વિસ્તારના ગામો જેમા આંબા, હાથીગઢ, નાના લીલીયા, પાંચતલાવડા, વાઘણીયા, ઢાગલા, ભોરિંગડા, બવાડા, સનાળીયા મળી કુલ ૯ ગામોમાં કુલ ૧૧૦ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ હોય જે ગામોના સરપંચો તથા દાતાઓ આગેવાનોના પોલીસ અધિક્ષક સંજય ખરાતના હસ્તે પ્રશંસા પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ તેમજ કાર્યક્રમ દરમ્યાન હાજર રહેલ અન્ય ગામોના સરપંચો તથા આગેવાનોને પોતપોતાના ગામોની સુરક્ષા વધારવા અને ગુન્હાઓ રોકવા વધુમાં વધુ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા એસ.પી. તરફથી જાહેર અનુરોધ કરવામાં આવેલ હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અવસાન નોંધ

**વીજપડી:** નાનુડીવાળા હાલ વીજપડી મહંમદભાઈ ગુલાબભાઈ કુરેશી (ઉંમર વર્ષ ૭૦) અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમની જયારત તારીખ ૧૮/૧૦/૨૫ને શનિવારે સવારે ૧૦ કલાકે પુરૂષો માટે જુમ્મા મસ્જિદ તેમજ ઓરતોની તેમના નિવાસસ્થાને મુ.વીજપડી ખાતે રાખેલ છે. મર્હુમ મહંમદભાઈ તે સલીમભાઈ તથા નાસીરભાઈ તેમજ રૂસ્તમભાઈનાં વાલીદ થાય તેમજ શબ્બીરભાઈ તથા મુસ્તાકભાઈ તેમજ અકીલભાઈનાં દાદા થાય છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૮ | ૧૫૦૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૯૮૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૨૫૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૨૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી | ૮૦૫ | ૧૦૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૨૫ | ૧૮૬૫ |
| ૫ | તલ કાળા | ૨૫૦૫ | ૩૮૨૫ |
| ૬ | સોયાબીન | ૭૪૫ | ૮૦૫ |
| ૭ | ઘઉં | ૪૫૫ | ૫૪૫ |
| ૮ | અડદ | ૯૧૫ | ૧૧૯૫ |
| ૯ | મગ | ૧૨૯૦ | ૧૩૯૦ |
| ૧૦ | ચણા | ૯૩૦ | ૧૦૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૭૫ | ૯૬૬ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૭૪૬ | ૭૪૬ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૫૦ | ૧૦૨૫ |
| ૪ | શિંગ મોટી | ૬૩૦ | ૧૧૧૬ |
| ૫ | શિંગદાણા | ૭૦૦ | ૯૬૦ |
| ૬ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૭૦ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૪૪૫૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૮૦૦ | ૨૦૨૧ |
| ૯ | બાજરો | ૩૪૧ | ૩૪૧ |
| ૧૦ | જુવાર | ૪૫૧ | ૬૫૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૮૩ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૪ |
| ૧૩ | મગ | ૭૫૦ | ૧૬૫૧ |
| ૧૪ | અડદ | ૮૫૦ | ૧૩૭૦ |
| ૧૫ | ચણા | ૭૮૦ | ૧૧૨૨ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૮૨ | ૧૦૮૨ |
| ૧૭ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૪૪ |
| ૧૮ | તુવેર | ૧૧૮૧ | ૧૨૭૫ |
| ૧૯ | કપાસ | ૮૩૦ | ૧૪૯૦ |
| ૨૦ | એરંડા | ૧૧૫૦ | ૧૨૪૭ |
| ૨૧ | જીરૂ | ૨૭૦૦ | ૩૩૦૦ |
| ૨૨ | ધાણા | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૨૩ | મેથી | ૬૦૦ | ૭૫૫ |
| ૨૪ | સોયાબીન | ૫૫૫ | ૮૪૪ |

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલામાં કૌટુંબિક કાકાએ

ઉપર જીવલેણ હુમલો કરી પાઈપ વડે આડેધડ ઘા ખેડૂતના બંને હાથ તથા બંને પગ ભાંગી નાખી ગંભીર અને જીવલેણ ઈજાઓ કરી હતી. જયારે તેમનાં ભાઈને માથામાં ઈજા કરતા આ બનાવમાં ઘવાયેલા મહેબૂબભાઈ જોખિયાને સારવાર માટે ભાવનગર દવાખાને ખસેડાયેલ ત્યાં આજે તેમનું સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો છે.

આ બનાવના આરોપી જાફરભાઈ તથા તેના ભાઈનો દીકરો રૈયાઝ રસુલભાઈ જોખીયા તથા યુસુફભાઈ નાથાભાઈ જીરૂકા સહિત ત્રણેય આરોપીને પોલીસે અગાઉ ઝડપી લઈ જેલ હવાલે કરી દીધા હતાં.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં બહુચર્ચિત કેસમાં

જયારે આ કામના અન્ય આરોપી વિરૂદ્ધમાં ભારતીય ન્યાયની કલમ ૩૩૮ મુજબનો ગુન્હા લગત કોઈ પુરાવા મળેલ ન હોય અને ભુલથી કલમ ૩૩૮ એડ થયેલ હોય જેથી આ ત્રણ આરોપી વિરૂદ્ધમાં બી.એન.એસ. કલમ ૩૩૮ પુરતુ સી–ફાઈનલ નંબર–૧૫/૨૦૨૫ તા. ૨/૯/૨૦૨૫ થી ભરી તપાસના કાગળો અત્રેની કચેરી મારફતે મોકલેલ હોય જે મુજબ 'સી' ફાઈનલ મંજુર કરવા પણ અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે અભિપ્રાય આપેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે રહેતી પાયલબેન અનિભાઈ ગોટી સહિત ૪ સામે અમરેલી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૬(૪), ૩૪૦(૨), ૩૫૩(૧) (બી), ૩૫૬(૨), ૩૫૬(૩), ૩૧૯(૨), ૫૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ની કલમ (૬૬(ડી) મુજબની ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરેલ હતી. તપાસનાં અંતે પાયલબેન ગોટી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા માટે પણ પુરતા પુરાવા ન હોય અને આરોપીનું નામ ભુલથી આવેલ હોય, જેથી અમરેલી સીટી પોલીસ સ્ટે. 'સી' ફાયનલ નં. ૧૪/૨૦૨૫ તા. ૨/૯/૨૫ થી ભરવામાં આવેલ છે તેમ કોર્ટમાં જણાવેલ છે.

જયારે મનિષભાઈ ચતુરભાઈ વઘાસીયા, અશોકભાઈ કનુભાઈ માંગરોળીયા તથા જીતુભાઈ બાવચંદભાઈ ખાતરા વિરૂદ્ધમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૩૮ મુજબનો ગુન્હા લગત કોઈ પુરાવા મળેલ ન હોય જે હકિકતની ભુલથી કલમ એડ થયેલ હોય જેથી આ ત્રણ આરોપી વિઢદ્ધમાં બીએનએસ કલમ ૩૩૮ પુરતુ સી–ફાઈનલ નંબર–૧૫/૨૦૨૫ તા. ૨/૯/૨૦૨૫ થી ભરી તપાસના કાગળો અત્રેની કચેરી મારફતે મોકલેલ હોય. જે મુજબ 'સી' ફાઈનલ મંજુર થવા અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા અભિપ્રાય આપેલ છે.

આમ આ ચકચારી બનાવમાં મનીષભાઈ વઘાસીયા, અશોકભાઈ માંગરોળીયા તથા જીતુભાઈ ખાત્તરા સામે અન્ય કલમો તળે ગુન્હો ચાલુ રહેશે. જયારે આ કેસમાં પાયલ ગોટીને સંપૂર્ણપણે અમરેલી સાયબર પોલીસ દ્વારા બાકાત કરવામાં આવેલ છે. તેમ કોર્ટમાં લેખિતમાં જણાવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૮૫૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૩૫ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૪૧૦૧ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૩૪૬૫ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૮૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૯૧ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૮૦ |
| ૧૦ | અડદ | ૮૦૦ | ૧૨૫૧ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ૧૨ | તુવેર | ૯૩૦ | – |
| ૧૩ | એરંડી | ૧૨૨૮ | – |
| ૧૪ | સોયાબીન | ૬૫૦ | ૮૦૨ |

પાના ૮ ઉપરનું ચાલું

## સિંહણનું મોત નિપજાવનારની અટકાયત

૧૯૭૨ની કલમ – ૨(૧), ૨(૧૬), ૨(૩૫), ૨ (૩૯), ૯, ૩૯, ૫૦, ૫૧, ૫૨, ૫૫ મુજબ ગુનો નોંધી લીલીયા જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા જમીનના મંજુર કરતા આરોપીને જિલ્લા જેલ હવાલે કરેલ તેમજ લીલીયા પીજીવીસીએલ ની ટીમ દ્વારા જયરાજ રામકુભાઈ બોરીચાની વાડી ખાતેનું કનેકશન રદ કરી મીટર જપ્ત કરેલ. આ તમામ કામગીરી લીલીયા વન્યજીવ રેન્જના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રનાં

જીનર્સને માત્ર રૂા. ૧૦૫૦નો દર કરવામાં આવ્યો છે. જે સંપૂર્ણપણે અયોગ્ય અને અન્યાયી છે.

ગુજરાતની જીનીંગ ફેકટરીઓમાં ટેકનિકલી અદ્યતન મશીનરી, આધુનિક સુવિધાઓ અને ગુણવત્તા જાળવવા માટેનો ઓપરેશનલ ખર્ચ વધુ છે. તેથી ઓછી રકમમાં જોબવર્ક કરવું શકય નથી. સૌરાષ્ટ્રના જીનર્સને પણ યોગ્ય અને ન્યાયસંગત "જીનિંગ એન્ડ પ્રેસિંગ રેટ" આપવામાં આવે, તેથી આ મુશ્કેલ સમયમાં જીનીંગ ઉદ્યોગ ટકી શકે અને ખેડૂતોને સતત ટેકો મળી રહે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## મુખ્યમંત્રી સિવાય તમામ મંત્રીઓનાં

મંત્રીઓએ માત્ર સહી કરવાની હતી. હવે, આ મંત્રીઓએ આપેલા રાજીનામાં રાજ્યપાલને સોંપવામાં આવશે, અને આ સંદર્ભમાં મુખ્યમંત્રી એક પત્ર રાજ્યપાલને સુપરત કરશે.

આ સૌથી મોટા રાજકીય પરિવર્તન વચ્ચે ભારતીય જનતા પાર્ટી (BJP) ફરી એકવાર ૨૦૨૧ની માફક નો-રિપીટ થિયરીની ફોર્મ્યુલા લાગુ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોટા ભાગના વર્તમાન મંત્રીઓને આ વખતે પડતા મૂકવામાં આવે તેવી શક્યતા છે.

મળતી માહિતી મુજબ, આજે બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મંત્રીમંડળની બેઠક મળી હતી, જેમાં તમામ મંત્રીઓએ સામૂહિક રીતે રાજીનામા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ હવે સૌની નજર નવા મંત્રીમંડળની જાહેરાત પર ટકેલી છે.

સાથે જ, રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીની નિમણૂક અંગે પણ રાજકીય ગલિયારામાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. ભાજપના મોવડીમંડળ દ્વારા આ અંગે શું નિર્ણય લેવાય છે, તેના પર સૌની નજર છે.

નવા મંત્રીમંડળની શપથવિધિ માટેની સત્તાવાર જાહેરાત રાજ્યપાલ દ્વારા કરી દેવામાં આવી છે. નવા મંત્રીમંડળની શપથવિધિ આવતીકાલે શુક્રવારે (૧૭મી ઓક્ટોબર) ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે.

શપથવિધિ સમારંભ પૂર્ણ થયા બાદ તરત જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં નવી કેબિનેટની પ્રથમ બેઠક પણ યોજાશે. ગુજરાતના રાજકીય ઈતિહાસમાં આ એક મોટો અને મહત્ત્વનો ફેરફાર છે, જેના પર સમગ્ર દેશની નજર છે.

ગુજરાતમાં દિવાળીના તહેવાર પહેલા ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળનું વિસ્તરણ થઈ રહ્યું છે. ઘણા નવા ચહેરાઓને મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવી શકે છે. ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં શુક્રવાર (૧૭ ઓક્ટોબર) એ સવારે ૧૧.૩૦ કલાકે નવા મંત્રીમંડળનો શપથ સમારોહ યોજાવાનો છે. આ પહેલા વર્તમાન મંત્રીમંડળના તમામ સભ્યોએ મુખ્યમંત્રીને રાજીનામા આપી દીધા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર વર્તમાન સરકારમાં સામેલ ૧૧ મંત્રીઓને બહાર કરવામાં આવી શકે છે. આ સિવાય કેટલાક મંત્રીઓને પ્રમોશન આપવામાં આવી શકે છે. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં નવા ૨૦ જેટલા નેતાઓને મંત્રી બનાવવામાં આવી શકે છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૮ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૫૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૩૩ |
| ૪ | ચણા | ૬૨૫ | ૧૦૪૦ |
| ૫ | ચણા સફેદ | ૮૯૦ | ૯૦૦ |
| ૬ | અડદ | ૭૫૫ | ૧૦૬૩ |
| ૭ | મકાઈ | ૨૮૦ | ૨૯૦ |
| ૮ | ધાણા | ૧૦૦૫ | ૧૨૬૦ |
| ૯ | લસણ | ૩૦૫ | ૩૧૫ |
| ૧૦ | સોયાબીન | ૬૫૫ | ૮૦૧ |
| ૧૧ | તલ | ૧૨૩૫ | ૧૮૫૦ |
| ૧૨ | શીંગદાણા | ૮૧૦ | ૯૯૦ |
| ૧૩ | મગફળી | ૫૦૧ | ૭૫૫ |

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે લાઠી રોડ રસ્તે આવેલ સ.નં.૧૨૧૧ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ "યોગેશ્વરનગર" નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૪૪ની જમીન ચો.મી. ૧૨૦–૦૦ વાળી મિલ્કત બાબતે હાલના ધારણકર્તા છાયાબેન ચેતનભાઈ સરવૈયા તથા ચેતન હર્ષદભાઈ સરવૈયાએ સુનંદાબેન કિરીટભાઈ પારેખ પાસેથી ખરીદ કરવાનું નકકી કરી રજી બાનાખત કરેલ છે જેની રૂઈએ સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ એવી રજૂઆત કરેલ છે કે સદરહું તેમના કબ્જા, ભોગવટા તેમજ માલીકીની આવેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં સબંધીત કુલમુખ્ત્યારનામા અથવા તેની નકલ મળી આવતી નથી અને ગેરવલ્લે થયેલ છે તેવી રજૂઆત હાલના માલીક સુનંદાબેન કિરીટકુમાર પારેખ તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**(૧) શ્રી સૈફુદીન મહમદભાઈ લક્ષ્મીધરના કુલમુખ્ત્યાર ભોળાશંકર મગનલાલ ત્રિવેદીએ તા. ૧૮/૧૧/૧૯૮૩ ના દસ્તાવેજ નં. ૧૭૨૯માં કરી આપેલ લેખ સબંધેનુ કુલમુખ્ત્યારનામુ**

સબબ ઉપરોકત લેખ સબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૩માં અમો નીચે સહી કરનાર પાસે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ બેંક અમરેલી તરફે આપવામાં આવશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તા. ૧૬/૧૦/૨૦૨૫

**ફોરવર્ડ શોપીંગ સેન્ટર,**
**દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી**
**મો. ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**એડવોકેટ**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૩૫૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૬૨૦ | ૮૦૧ |
| ૩ | ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| ૪ | ચણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૫ | અડદ | ૮૦૦ | ૧૦૭૬ |
| ૬ | ધાણા | ૮૪૫ | ૧૨૦૦ |
| ૭ | શીંગ દાણા | ૯૫૧ | ૧૨૦૦ |
| ૮ | જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૯ | સોયાબીન | ૭૦૦ | ૭૮૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૫૦ | ૭૫૧ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૩ | તલ કાળા | ૨૮૦૧ | ૩૩૭૬ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૪૯૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૭૭ |
| ૭ | જુવાર | ૫૧૫ | ૮૦૦ |
| ૮ | મગ | ૧૩૦૧ | ૧૪૦૧ |
| ૯ | અડદ | ૮૫૦ | ૧૫૦૧ |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | ધાણા | ૯૦૧ | ૯૦૧ |
| ૧૨ | સોયાબીન | ૬૯૦ | ૭૫૧ |

# કુંકાવાવ તાલુકાના તરઘરી મુકામે વિકાસ રથનું ઉમળકાભેર સ્વાગત






વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લામાં પરિભ્રમણ કરી રહેલા 'વિકાસ રથ'નું અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકામાં ઉળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મંગળવારે રાત્રે તરઘરી મુકામે યોજાયેલા કાર્યક્રમમાં વિકાસ સપ્તાહ અંતર્ગત નાગરિકોને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ આપવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા અને તાલુકા પંચાયતના પ્રમુખ પરશોત્તમભાઈ હિરપરાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ૩૬૮ વ્યકિતઓએ 'ભારત વિકાસ શપથ' લીધા હતા. ગ્રામ વિકાસના સુવિધામાં ઉમેરો કરતા આશરે રૂ.૨૨ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોને રાજય અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. આઈ.સી.ડી.એસ. દ્વારા વાનગી પ્રદર્શન અને મહિલા તેમજ બાળ કલ્યાણ વિભાગનું પ્રદર્શન યોજાયું હતું. ગ્રામજનો આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમમાં મામલતદાર સિંધી, તાલુકા વિકાસ અધિકારી ખાંભલા, સરપંચ રમાબેન હીરપરા, ભદ્રેશભાઈ ગજેરા, રામજીભાઈ હીરપરા, ગીતાબેન હીરપરા તેમજ વહીવટીતંત્રના અધિકારી અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. સારંગપુર મુકામે યોજાયેલા કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી ખાંભલા, વિસ્તરણ અધિકારી દાફડા તેમજ તાલુકા વહીવટીતંત્રના કર્મયોગીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા પોલીસ દ્વારા પોલીસ સંભારણા દિવસ નિમિત્તે રકતદાન કેમ્પ યોજાયો






લીલીયા મોટા ખાતે પોલીસ પરિવાર દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરાયું જેમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચના અને ડી.વાય.એસ.પી. ચિરાગ દેસાઈના માર્ગ દર્શન તળે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઇ એમ.ડી. સાળુકેના અધ્યક્ષ સ્થાને પોલીસ સંભારણા દિવસ નિમિતે રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો રકતદાન કેમ્પ દરમિયાન પોલીસ વિભાગના અધિકારીઓ, જવાનો તેમજ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક રકતદાન કરીને માનવતાની ભાવના વ્યકત કરી હતી. રકતદાન કેમ્પમાં શાંતાબા ગજેરા બ્લડવ બેંકની ટીમ દ્વારા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને પોલીસ સંભારણા દિવસને સેવાભાવી દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે પી. આઈ.એમ.ડી. સાળુકેએ જણાવ્યું હતું કે, ''પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ નથી કરતી, પરંતુ સમાજ પ્રત્યેની ફરજ પણ નિભાવે છે. રકતદાન જેવા કાર્યો માનવતાનું સર્વોત્તમ ઉદાહરણ છે.'' કાર્યક્રમ દરમિયાન સુરક્ષા સેતુ સોસાયટીના સભ્યો, પોલીસ સ્ટાફ અને ગામજનો તેમજ રાજકીય આગેવાનો જીગ્નેશ સાવજ, ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ જીવનભાઈ વોરા, ભનુભાઈ ડાભી, ખોડાભાઈ માંળવિયા, નીતિનભાઈ ત્રિવેદી, પરિનભાઈ સોની સહિતના વેપારી ગણ હોમગાર્ડ જવાન આ રકતદાન કેમ્પમા ઉપસ્થિત રહેલ કેમ્પને સફળ બનાવવા માટે લીલીયા પોલીસ પરિવારે જેહમત ઉઠાવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી : બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ દ્વારા આઈ.ટી. આઈ ખાતેથી રેલી યોજાઈ



અમરેલી, તા. ૧૬

ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલી ખાતે તારીખ. ૧૬/૧૦/૨૦૨૫ ના રોજ વોક ફોર ''કવોલિટી-૨૦૨૫''નું બીઆયએસ (બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ), રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. જેના અંતર્ગત આઈ.ટી.આઈ.ના આશરે ૬૦૦ તાલીમાર્થીઓ (ભાઈઓ અને બહેનો સહિત)એ રેલી સ્વરૂપે ભાગ લીધો હતો. આ રેલી આઈ.ટી.આઈ કેમ્પસથી શરૂ થઈ અમરેલી બસ સ્ટેશન સુધી પહોંચી હતી અને ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને પુનઃ આઈ.ટી.આઈ ખાતે પૂર્ણ થઈ હતી.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોમાં જાગૃતિ લાવવાનો હતો કે, તેઓ માત્ર બીઆયએસ (બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ), હોલમાર્ક તેમજ આયએસઆય (ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ ઈન્સ્ટિટયુટ) જેવા પ્રમાણિત માર્કોવાળી વસ્તુઓ જ ખરીદે. વિદ્યાર્થીઓએ બેનરો, પ્લેકાર્ડસ અને સ્લોગન્સ દ્વારા આ સંદેશને લોકો સુધી પહોંચાડયો હતો.

આ 'કવોલિટી વોક'થી શહેરના નાગરિકોમાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનોના મહત્વ વિશે જાગૃતિ આવી હતી અને વિદ્યાર્થીઓએ પોતાની જવાબદારી નિભાવીને સમાજસેવાનું ઉદાહરણ રજૂ કર્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ તરીકે અતુલ કાનાણીએ ભાગ લીધો હતો. તેમની સાથે બીઆયએસ ડાયરેકટર ,પારિજાત શુકલ, ડેપ્યુટી ડાયરેકટર, પિયુષભાઈ ગેડીયા અને , રાહુલભાઈ રાજપૂત, શુભમજી, મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી આચાર્ય સંઘના પ્રમુખ, મુકુંદભાઈ મહેતા તેમજ જિલ્લા શિક્ષણ કચેરીના પ્રતિનિધિ, સુનિલભાઈ ગોયાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનુ સંપૂર્ણ માર્ગદર્શન બીઆયએસના પ્રમોશનલ ઓફિસર અમનસિંઘ એ આપેલ હતું. વધુમાં અમરેલી જિલ્લાના નોડલ પ્રિન્સિપાલ ડો. ટી.એમ. ભટ્ટ પણ હાજર રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ રેલીને લીલી ઝંડી બતાવીને ફલેગ ઓફ કરીને પ્રસ્થાન કરાવ્યું હતું. આઈ.ટી.આઈ.ના સમગ્ર સ્ટાફે આ આયોજનને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અમરેલીની એક યાદીમાં જણાવાયું છે.

## શાખાનાં પુષ્પો

રાજા બ્રહ્મદતના રાજપુરોહિત દેવમિત્રએ એક વખત વિચાર્યુ કે, રાજા મને સન્માન આપે છે તે મારા જ્ઞાનનું છે કે સદાચારનું તેની કસોટી કરવી જોઈએ. એક દિવસ તેમણે રાજકોષમાંથી એક સિક્કો લઈ પોતાના ખિસ્સામાં નાખી દીધો. ખજાનચીને થયું કે આજે ઉતાવળ હશે જેથી તેમણે આ જાણ કરી નથી પરંતુ પછીથી કરશે. બીજા દિવસે પણ તેમણે એવું જ કર્યુ. ત્રીજા દિવસે તો મુટ્ઠી ભરીને સિક્કા ઉઠાવ્યા. ખજાનચીથી હવે રહેવાયું નહીં તેણે સૈનિકોને બોલાવી દેવમિત્રની ધરપકડ કરી. બીજા દિવસે રાજા સમક્ષ રજુ કરવામાં આવ્યા તો બધા દંગ રહી ગયા. આવા મહાન વિદ્વાન અને ચોરી જેવું કામ !રાજાએ સજા રૂપે તેમના ડાબા હાથની ચાર આંગળીઓ કાપી નાખવાનો આદેશ આપ્યો. ચુકાદા બાદ દેવમિત્ર હસ્યા અને કહ્યું, ''મેં ધનવાન બનવા માટે ચોરી નથી કરી પરંતુ હું કસોટી કરવા માંગતો હતો કે મારૂ સન્માન જ્ઞાનના લીધે છે કે

રજુઆત : **શ્રી અર્જુન ગઢિયા**
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો

સદાચારના લીધે ? જ્ઞાન તો એટલું જ છે પરંતુ મારો સદાચાર તૂટતા મને સજા મળી.'' રાજા સમગ્ર વાત સમજી ગયા અને તેમને મુકત કરી તેમનું સન્માન કર્યુ.

**સોડમ :** વ્યકિતના જ્ઞાન કરતાં તેનું આચરણ જ મહત્વનું છે.

## ભૂરખીયા હનુમાનજી મંદિરે ૯૧મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



દામનગર, તા. ૧૬

પવિત્ર આસ્થાનું ધામ સ્વયં પ્રગટ ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે તા.૧૫/૧૦/૨૫ને બુધવારના રોજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી લાયસન્સ કૂલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પમાં ૧૪૪ દર્દીઓની આંખની તપાસ કરાઈ હતી. જે પૈકી ૨૬ દર્દીઓને મોતિયોના અને ૨ દર્દીઓને વેલના ઓપરેશન માટે અમરેલી જવામાં આવેલ. ૧૦ દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્મા બનાવી અપાશે. આ કેમ્પમાં સેવા આપનાર તમામનોં આભાર માનવામાં આવેલ.

### દેશભરમાં કાળીચૌદશની શાનદાર ઉજવણી થશે

## વિજ્ઞાન જાથાનો ૩૨મા વર્ષે રાજ્યકક્ષાનો કાર્યક્રમ વડ-વાજડી સ્મશાનમાં યોજાશે

### રવિવાર રાત્રિના સ્મશાનની મુલાકાત લેવા જાગૃતોને અપીલ કરતું જાથા



અમરેલી, તા. ૧૬

અમદાવાદ : દેશભરમાં રવિવારે રાત્રિના સ્મશાનમાં કાળીચૌદશની ઐતિહાસિક ઉજવણી ભારત જન વિજ્ઞાન જાથાની રાષ્ટ્રીય કચેરી કરશે. રાજયના ૩૪ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય વિસ્તારોમાં આજથી જાગૃતિ પત્રિકાનું વિતરણ થશે. જાથાનો ૩૨મા વર્ષે રાજયકક્ષાના કાર્યક્રમ માટે લોધિકાના વડ-વાજડી ગામની પસંદગી કરવામાં આવી છે. રાજયમાં કાળી ચૌદશની સદીઓ જુની માન્યતા, પરંપરા, કુરિવાજો, અશુભ, ભારે દિવસ, આસુરી શક્તિની સાધના-ઉપાસના, ભય-ડરનો ખૌફનું ખંડન કરી વૈજ્ઞાનિક સમજ આપવામાં આવશે. આજે રાત્રિના ૯ કલાકે ગામના ચોરા પાસે પત્રિકા વિતરણથી પ્રારંભ થશે. દેશભરમાં પરિવારોએ સ્મશાનની મુલાકાત કરી વૈજ્ઞાનિક વલણ બતાવવા જાથાએ અપીલ કરી છે.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજયના સ્મશાનોમાં રવિવારે દિવાળી પર્વની જેમ કાળીચૌદશની ઉજવણી કરવામાં આવશે. સ્મશાનમાં મેલીવિદ્યાનો નાશ, સ્મશાનના ખાટલે વડા આરોગવા, કુરિવાજો, આસુરી શક્તિ, અદ્રશ્ય શક્તિ, ભય-ડરના ખૌફને અગ્નિદાહ, નાસ્તો, ભોજન, જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે. સ્થાનિક પરિસ્થિતિ મુજબ કાયદાની મંજૂરી મેળવી આયોજન થશે. લોકોની લાગણીને ધ્યાનમાં રાખીને આયોજન થશે.

આગામી રવિવાર તા. ૧૯મી રાત્રીના નવ કલાકે મુક્તિધામમાં જાગૃતો, વિજ્ઞાન પ્રેમીઓ, જાથાના શુભેચ્છકો એકઠા થઈ ત્યાં સૌ પ્રથમ મેલીવિદ્યાની નનામીને લાવી મહિલાઓ કાંધ આપશે તેની સાથે ભૂત-પ્રેતનું સરઘસ તેનો પહેરવેશ યુવાનો પહેરી ભય દૂર કરવા નાટકીય ધૂણીને મશાલ સરઘસ સાથે જોડાશે. જાગૃતો પોતાના ગામના સ્મશાનમાં જાગૃતિ બેનરો સાથે સ્મશાનમાં પહોંચશે ત્યાં મેલીવિદ્યાની નનામીને અગ્નિદાહ આપી તેનો ભય-કકડાટ કાયમી કાઢવામાં આવશે. નનામી ઉપર ચા બનાવી હાજર લોકોને ચુશકી મારવા આપવામાં આવશે. ભૂત-પ્રેતનો બિહામણો ચહેરો-ભયનો પર્દાફાશ કરવામાં આવશે. સ્ટેજ ઉપર જાગૃતિ કાર્યક્રમ આપી રાત્રીના સ્મશાનના ખાટલે ચાર ચોકમાંથી એકઠા કરેલા કુંડાળાના વડા આરોગવામાં આવશે.

ગામના સરપંચ મહેન્દ્રસિંહ માધુજી ડાભી, અભેસિંગ જીલુજી ખેરડીયા, ગ્રામ પંચાયતના સદસ્યો, લોકસહકારથી સ્મશાનમાં કાળીચૌદશની ઉજવણી થશે. ગામમાં પત્રિકા વિતરણની આગેવાની ગામના સરપંચ મહેન્દ્રસિંહ ડાભી, અભેસિંગ ખેરડીયા, વનરાજસિંહ ડાભી, પ્રવિણસિંહ ખેરડીયા, અનિરૂધ્ધસિંહ ડાભી, રાજુભાઈ રાઠોડ, મહિપતસિંહ સોલંકી, મહિપતસિંહ પરમાર, રણજીતસિંહ ખેરડીયા, અશોકસિંહ ડાભી, પ્રવિણસિંહ ડાભી, અશોકસિંહ ખેરડીયા, પ્રવિણસિંહ પથુજી, હનુભા ડાભી, ભાવેશભાઈ રાઠોડ, રમેશભાઈ રાઠોડ, દોલુભા ડાભી, દાનુભા સોલંકી, અમરસંગ સોલંકી, શિવુભા ગોહિલ, વનરાજસિંહ ગોહિલ, વનરાજસિંહ પરમાર, મનસુખભાઈ જોગડીયા, સંજયભાઈ જોગડીયા, વિજયભાઈ ગમારા, ચનાભાઈ ગમારા, નરેશભાઈ જોગડીયા, બાબુભાઈ, કરશનભાઈ ગોવાભાઈ, કરશનભાઈ બારા, લખમણભાઈ બારા, હરીભાઈ બાબરીયા, વનરાજસિંહ ડાભી, બાલુભા પઢીયાર, પ્રભાતસિંહ ડાભી, દેવુભા ખેરડીયા, દિલુભા ખેરડીયા, ગજુભા ખેરડીયા, ધર્મેન્દ્રસિંહ ડાભી, મેરાજી પઢીયાર, બાલાભાઈ પઢીયાર, જીલુભા પરમાર, ટપુભાઈ ખીમાણીયા, કાનજીભાઈ ખીમાણીયા અને ગામના મહિલા મંડળ સહિત આસપાસના ગામોના જાગૃતોએ આયોજનને સફળ બનાવવા તૈયારી આરંભી દીધી છે.

જાથાના સક્રિય સભ્ય વિરડા વાજડીના દિનેશભાઈ હુંબલ અને બાલસરના નિર્મળ મેત્રાએ આસપાસના ગામોના યુવાનો અને જાગૃતોનો સંપર્ક કરી, મિટીંગ યોજી ગ્રામજનો સ્મશાનની મુલાકાત કરી પત્રિકાથી લોકચળવળ ચલાવશે.

રાજયના જિલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, કચ્છ-ભુજ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, બોટાદ, અમરેલી, ભાવનગર, ખેડા, આણંદ, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, નવસારી, વાપી, છોટા ઉદયપુર, ગોધરા, ડાંગ, આહવા, રાજપીપળા, અરવલ્લી સહીત તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ આયોજન કરવાની તૈયારી આરંભી છે તેમાં ભાગ લેવા ઈચ્છુકોએ જાથાનો સંપર્ક કરવાનો રહેશે.

જાથાના અંકલેશ ગોહિલ, નિર્મળ મેત્રા, રાજુ યાદવ, રવિ પરબતાણી, ભોજાભાઈ ટોયટા, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, પ્રકાશ મનસુખભાઈ, હર્ષાબેન પંડયા વકીલ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહેલ અનેક કાર્યકરો પ્રયોગ નિદર્શનમાં જોડાવવાના, રાજયના જિલ્લા તાલુકા, ગ્રામ્ય મથકે જાથાને ટેકો આપવા ગામેગામ સ્મશાનમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ કાયદાની મંજુરી મેળવીને જાગૃતિ કાર્યક્રમો યોજવા સંબંધી અપીલ કરવામાં આવે છે.

પોતાના ગામમાં સ્મશાનમાં આયોજન કરવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

### સાંસદ સુતરીયાના અધ્યક્ષ સ્થાને દિશા કમિટીની બેઠક યોજાઈ

## અમરેલી ખાતે કેન્દ્ર-રાજય સરકારની જન કલ્યાણકારી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરાઈ

### જન સામાન્યને સ્પર્શતા પ્રશ્નોના નિવારણ માટે પરામર્શ



અમરેલી, તા. ૧૬

અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ ડેવલોપમેન્ટ કો- ઓર્ડીનેશન એન્ડ મોનિટરિંગ કમિટી- દિશા બેઠક યોજાઈ હતી. જેમાં સવિશેષ કેન્દ્ર સરકારની જન કલ્યાણકારી યોજનાઓ - કાર્યક્રમની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટર કચેરી ખાતે નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લામાં કેન્દ્ર રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના અમલીકરણ સંદર્ભે વિસ્તૃત સમીક્ષાની સાથે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરીયાએ પ્રેઝન્ટેશનના માધ્યમથી યોજનાકીય સિધ્ધિઓની વિગતો મેળવી હતી. આ ઉપરાંત જનસામાન્ય સરકારી યોજનાઓના લાભથી વંચિત ન રહે તે માટે પણ જરૂરી માર્ગદર્શન કર્યુ હતું.

સાંસદએ જિલ્લામાં લોકોને સ્પર્શતા રોડ રસ્તા, વિકાસના કામો અને માળખાકીય સુવિધાઓ સહિતના મુદ્દે પણ જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે પણ જુદી જુદી યોજનાઓના અને પ્રોજેકટ સંદર્ભે ઝડપભેર વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે અધિકારીઓનું જરૂરી સૂચનાઓ આપવાની સાથે માર્ગદર્શન કર્યુ હતું.

આ બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી હેઠળના રસ્તાઓની મરામત, વાસ્મો યોજના, સ્વામિત્વ યોજના, પ્રધાનમંત્રી સિંચાઈ યોજનાના અમલીકરણ સંદર્ભે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, દિનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, સાંસદ આદર્શ ગ્રામ્ય યોજના, અમૃત ૨.૦, સંકલિત બાળ વિકાસ યોજના, આયુષ્માન ભારત ડિજિટલ મિશન, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, શિષ્યવૃત્તિ યોજનાઓ, ખેલો ઈન્ડિયા, પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી પરિયોજના સહિતની યોજનાઓ-કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જાડેજાએ કર્યુ હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લાના પ્રાંત અધિકારીઓ સહિત જુદા જુદા વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પી.સી.પી.એન.ડી.ટી. એક્ટ રજિસ્ટર્ડ હોસ્પિટલ, ક્લિનિક સહિતના સ્થળોએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત

અમરેલી, તા. ૧૬

પી.સી.પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે જિલ્લામાં રજિસ્ટર્ડ હોસ્પિટલ, ક્લિનિક, સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રજિસ્ટર્ડ હોસ્પિટલ, ક્લિનિક, સંસ્થાઓ ખાતે બિનઅધિકૃત્ત લોકોની અવરજવર પર દેખરેખ માટે ૩૦દિવસના ઓડિયો, વીડિયો રેકોર્ડિંગ બેકઅપ સાથેના સીસીટીવી કેમેરા ફરજિયાત લગાવવા અનિવાર્ય છે. રૂમમાં નક્કી કરેલ અધિકૃત વ્યક્તિ, દર્દી સિવાયની બિનઅધિકૃત્ત વ્યક્તિ સોનોગ્રાફી માટે પ્રવેશી શકશે નહિ. દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહિ. નક્કી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યક્તિઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા.

સંબંધિત ડિસ્ટ્રિક્ટ, સબ ડિસ્ટ્રિક્ટ એપ્રોપ્રિએટ ઓથોરિટી દ્વારા જરૂર જણાયે રેકોર્ડિંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજિયાત આપવું. બેકઅપમાં ત્રુટિ જણાશે તો હોસ્પિટલ, ક્લિનિક, સંસ્થા વિઢદ્ધ પી.સી.પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી થશે. આ જાહેરનામુ સમગ્ર અમરેલી જિલ્લામાં તા. ૨૫.૦૯.૨૦૨૫ થી તા.૨૩.૧૧.૨૦૨૫ સુધી સમગ્ર સમયગાળા દરમિયાન અમલી રહેશે.

હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે કાયદાકીય કાર્યવાહી હાથ થશે.

## સાવરકુંડલાની વિદ્યાર્થીનીઓની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં ઝળહળતી સિદ્ધિ



સાવરકુંડલા, તા. ૧૬

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ, સાવરકુંડલાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે તા ૧૩/૧૦/૨૫થી ૧૫/૧૦/૨૫ દરમ્યાન ૫૩મો યુવક મહોત્સવ ''સિંદુરોસ્તવ'' યોજાયો જેમાં અનેકવિધ સ્પર્ધાઓમાં અમારી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો, જેમાં કલા- વિભાગની સ્પર્ધા હસ્તકલા હોબીમાં ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની માંજરીયા સુર્મિલા જગુભાઈનો પ્રથમ નંબર તથા પથ્થર નંદના મુકેશભાઈએ રંગોળીમાં તૃતીય નંબર પ્રાપ્ત કરી ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી નૂતન કેળવણી મંડળ અને ઘેલાણી મહિલા કોલેજનું ગૌરવ વધાર્યુ છે. અન્ય સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીનીઓનું પ્રદાન ઘણું ઉત્તમ હતું આ સફળતા માટે કોલેજના કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડાનું પ્રોત્સાહન, પ્રા.ડો. પ્રતિમા શુકલનું માર્ગદર્શન, કલા વિભાગની સુઝબુઝ અને મહેનતના કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થયેલ છે. અન્ય સ્પર્ધાઓમાં પ્રા.ડો.રૂકશાના કુરેશી, પ્રા.છાયાબેન શાહ દ્વારા મહેનતપૂર્વક તૈયારી કરાવવામાં આવેલ હતી, સમગ્ર યુનિવર્સિટીમાં ખૂબ મોટી સંખ્યામાં સ્પર્ધક ભાગ લેતા હોય છે તેમાં આ છેવાડાની અને નાની એવી મહિલા કોલેજની બહેનો જયારે પુરસ્કાર પ્રાપ્ત કરે છે ત્યારે સૌ અત્યંત હર્ષની લાગણી અનુભવતાં જોવા મળે છે. આ સમગ્ર કાર્યક્રમની ગોઠવણ અને સંચાલન કો-ઓર્ડીનેટર પ્રા.ડો. હરિતા જોશી દ્વારા કરવામાં આવેલ હતું, તથા સમગ્ર સ્ટાફનાં પૂર્ણ સહયોગથી સફળતા પ્રાપ્ત થયેલ છે. નૂતન કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી તથા તમામ ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવેલ છે.

## સાવરકુંડલા કોમર્સ કોલેજ ખાતે SEBIનો એક વર્કશોપ યોજાયો




સાવરકુંડલા, તા. ૧૬

વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે તા. ૧૪/૧૦/૨૫ બુધવારના રોજ વિદ્યાર્થીઓ માટે '' ઈન્વેસ્ટર અવેરનેસ વર્કશોપ'' યોજવામાં આવેલ.

બચતનું ઉત્તમ રોકાણ કરીને મહત્તમ વળતર મેળવે અને કોઈ છેતરપીંડીનો ભોગ ન બને અને કોઈ પ્રલોભન કે લોભ લાલચના પરિણામે પોતાની મરણમૂડી કે પરસેવાની કમાણી ગુમાવે નહિ તેવા આશયથી SEBI (Security & Exchange Board of india) તથા NISM (National Institute of Security Market) દ્વારા વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવાના હેતુથી, કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી. રવિયાના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપનું આયોજન થયેલ. SEBI તથા NISMના SMART ટ્રેનર ડો. વૈભવ પુરાણીક તથા ડો. અપર્ણાબેન પુરાણીક રાજકોટથી પધારેલ અને પ્રશિક્ષણ પૂરૂ પાડયું. વિદ્યાર્થીઓને SEBIની એક સર્ટિફિકેટ પરિક્ષા માટે પણ તૈયાર કર્યા. અંતમાં એક Online QUIZ પણ રમાડવામાં આવેલ. જેમાં નીચે મુજબના વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. ૧) લૂણી જયા, ૨) સંજય વેકરીયા, ૩) મહેતા પ્રગતિ, ૪) તેરૈયા યશ, ૫) બારૈયા દીપ, ૬) ભાલીયા રોહિત ઈનામ વિતરણમાં એન.સી.સી. લેફટનન્ટ ડો. એલ.એલ. ચૌહાણ, ડો. અર્જુનસિંહ પરમાર, ડો. કલ્પેશભાઈ રાડીયા વગેરે અધ્યાપકોના હસ્તે વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા.

આ કાર્યક્રમનું સંચાલન કોમર્સ વિભાગના અધ્યાપક ડો.હરેશ દેસરાણી દ્વારા કરવામાં આવ્યું.




વાડી માલિક અને ભાગીયુ રાખનાર ઝડપાયા

# લીલીયાનાં મોટા કણકોટ વિસ્તારમાં ઈલેક્ટ્રીક શોર્ટ મુકી સિંહણનું મોત નિપજાવનારની અટકાયત

## જયુડીશીયલ કોર્ટમાં રજુ કરતાં આરોપી જેલ હવાલે



લીલીયા, તા. ૧૬

શેત્રુંજીવન્યજીવવિભાગના નાયબ વન સંરક્ષક યોગેશ દેસાઈ મદદનીશવનસંરક્ષકવિરલસીંહચાવડા માર્ગદર્શન હેઠળ લીલીયા વન્યજીવ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને વાઈલ્ડલાઈફવોર્ડનનીતપાસદ્વારાતા. ૯/૧૦/૨૦૨૫ ના રોજ મોટા કણકોટ રેવન્યુ વિસ્તારમાં વન્યાણી સિંહ માદા જીવ–૧ નો મૃતદેહ મળી આવેલ. જે અન્વયે તપાસ કરતા આસ–પાસના ગામો આંબા, કણકોટ, દેવળીયા, દાડમાના તમામ વિસ્તાર સ્કેનીંગ કરી. સી.સી.ટી.વી. ફુટેજ ચકાસતા,તેકજ અમરેલી પોલીસ લોકલ ક્રાઈમ બ્રાંચની મદદથી ટાવર ડમ્પ ડેટાથી શકમંદ વ્યકિતની પુછપરછ કરતા આંબા ગામનારહીશજયરાજભાઈ રામકુભાઈ બોરીયાતથા તેનું ભાગવું ખેતીકામ કરતા સરદારભાઈ કલીયાભાઈ બગેલ દ્વારા તેનાખેતરફરતેગેરધોરણેઈલેકટ્રિકશોર્ટ મુકીસિંહમાદાજીવ–૧ નુંમૃત્યુનીપજાવી બાદમાંવાડીમાલિકઅનેભાગિયાદ્વારા એકસંપ કરીસનેડાવાહનમાંભરીમોટા કણકોટ થી શેત્રુજી નદી કાચા માર્ગે ફેકી દઈ ગુન્હો છુપાવી, ગુન્હો આચરેલ જે વન્યપાણી સંરક્ષણ અધિનિયમ–

અનુસંધાન પાના ૬ ઉપર

જમીન વિવાદનાં કારણે મારામારીની ઘટના બની હતી

# રાજુલામાં કૌટુંબિક કાકાએ થોડા દિવસો પહેલા કરેલ હુમલામાં ભત્રીજાનું સારવાર દરમિયાન મોત

## પોલીસે આ બનાવમાં ૩ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો



અમરેલી, તા. ૧૬

'ઝરજમીનઅનેઝોરૂત્રણેય કઝીયાના છોરૂ' કહેવત પ્રમાણે રાજુલામાં ગત તા. ૧ના રોજ એક જમીનના વિવાદનાં કારણે કૌટુંબીક કાકાએ પોતાના બે ભત્રીજાને મારી નાંખવાનાઈરાદેફોરવ્હીલમાથેચડાવી દઈમારમારીએકનાહાથપગભાંગતા ઘવાયેલા ભત્રીજાને સારવાર માટે ભાવનગર દવાખાને લઈ જવાયેલ ત્યાં આજે તેમનું મોત નિપજતા આ બનાવ હત્યામાં પલટાયો છે. આ બનાવમાં અગાઉ જીવલેણ હુમલા કર્યા અંગેની પોલીસમાંફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવમાં રાજુલા ગામે આવેલ બીડી કામદાર વિસ્તારમાં ખાખબાઈ રોડ, ૬૬ કેવીની બાજુમાં રહેતામહેબુબભાઈહકીમભાઈજોખીયા નામના૪૪વર્ષિયખેડુતનેતેમનાંકૌટુંબી કાકા જાફરભાઈ ઉંમરભાઈ જોખીયાને રાજુલાખાતેબાયપાસરોડપાસેઆવેલ એક જમીન અંગેની માલિકી બાબતનો વિવાદ ચાલતો હોય. તે બાબતે રાજુલા કોર્ટમાંકેસકરેલહોયતેકેસપાછોખેંચી લેવાતથાઆખેડૂતની૪૪વિઘાજમીન લઈ લેવા માટે ગત તા. ૧/૧૦ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે આ ખેડૂત તથા તેમનો ભાઈ ફિરોજ સાથે કોર્ટમાંથી મોટર સાયકલ લઈ પોતાના ઘરે જતા હતાં. તે દરમ્યાન આરોપી જાફરભાઈ તથા તેના ભાઈનો દીકરો રૈયાઝ રસુલભાઈ જોખીયા તથા યુસુફભાઈ નાથાભાઈ જીરૂકા સહિત ત્રણેય આરોપી ફોર વ્હીલ ગાડી નંબર જી.જે.–૦૧ કેજી–૭૭૨૩નીલઈઆ ખેડૂત તથા તેમનાં ભાઈને મારી નાખવાનાઈરાદેફોરવ્હીલગાડીતેમનાં ઉપરચડાવીદઈપછાડીદીધાહતાંઅને આરોપીએલોખંડનાપાઈપવડેખેડૂત

અનુસંધાન પાના ૬ ઉપર

પથ્થર ભરેલ ડમ્પર પસાર થતુ હોય

# અમરેલી–બાબરા માર્ગ ઉપર લુણકી ગામ નજીક ડમ્પરે અકસ્માતે પલ્ટી મારી

## ડમ્પર ચાલક અને એક મહિનાનો આબાદ બચાવ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

અમરેલી બાબરા માર્ગ ઉપર લુણકી ગામ નજીક પથ્થર ભરેલ ડમ્પર પસાર થતુ હોય અકસ્માતે ડમ્પર પલ્ટી જતાં ડમ્પર ચાલક અને એક મહિલાનો ચમત્કારીક બચાવ થયો હતો. સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

જીનર્સ એસોસીએશન દ્વારા સાંસદ રૂપાલાને પત્ર પાઠવામાં આવ્યો

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રનાં જીનર્સને જીનિંગ એન્ડ પ્રેસિંગ રેટનો ભાવ રૂપિયા ૧૩૫૦ આપવા માંગ

## ખેડૂતો પાસેથી ૧૩૫૦નાં ભાવે ખરીદ કરવાનો કોઈ ઠરાવ થયો નથી



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લાના જીનર્સે જણાવે છે કે ખેડૂત પાસેથી પ્રતિ મણ ૧૩૫૦નાં ભાવે ખરીદ કરવાનો કોઈ ઠરાવ થયો નથી. પરંતુ, જયારે સીસીઆઈ દ્વારા કપાસની ખરીદી બાદ જીનર્સને પેકિંગ માટે જે રકમ આપવામાં આવે છે તેમાં વધારો કરીને રૂપિયા ૧૩૫૦ આપવાની માંગ કરેલ છે.

જીનર્સ એસોસીએશનએ આ અંગે સાંસદ રૂપાલાને પાઠવેલ પત્રમાં જણાવે છે કે, હાલની સરકારની કપાસની સપોર્ટપ્રાઈસનીતિખેડૂતોમાટેલાભદાયી સાબિત થઈ રહી છે. આ પ્રક્રિયાનું સંચાલન સીસીઆઈ દ્વારા સમગ્ર દેશમાં ખાનગી જીનર્સને જોબવર્ક આપીને કરવામાં છે.

આ વર્ષે જયારે સીસીઆઈની શરતોના વિરોધમાં અગાઉ અનેક રાજયોના જીનર્સ ટેકાના ભાવ હેઠળ ખરીદી કરવા તૈયાર નહોતો, ત્યારે સૌરાષ્ટ્રના જીનર્સોએ ખેડૂતોના હિત માટે સંપૂર્ણ સહકાર આપીને ટેન્ડર ભર્યા હતા.

પરંતુ હાલની પરિસ્થિતિમાં સીસીઆઈ તેલંગણામાં રૂા. ૧૪૪૦, કર્ણાટકમાં રૂા. ૧૩૩૭, મહારાષ્ટ્રમાં રૂા. ૧૩૧૧ અને મધ્યપ્રદેશમાં રૂા. ૧૨૩૫ પ્રતિ ગાંસડીના જોબવર્ક રેટ ફાઈનલ કરવામાં આવેલ છે. જયારે ગુજરાતના

અનુસંધાન પાના ૬ ઉપર

દિકરાની બીમારી દુર કરવાનાં નામે


# બાબરાનાં કોટડાપીઠાનાં ૫૦ વર્ષિય ડ્રાઈવર સાથે ૧૫.૧૬ લાખની ઠગાઈ

## વિસાવદરનાં રામપરા ગામના વ્યકિત સામે ફરિયાદ

અમરેલી, તા. ૧૬

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા પારસભાઈ ત્રીભુવનભાઈ બગથળીયા નામના ૫૦ વર્ષિય ડ્રાઈવરનો દીકરો શારીરીક–માનસીક રીતે વિંકલાંગ હોય અને વિસાવદર તાલુકાના રામપરા (પ્રેમપરા) ગામે રહેતા આરોપી રાજવીર ઉર્ફે બીજલભાઈ આલસુરભાઈ ભડાએ ડ્રાઈવરને તેના દીકરાને માતાજીની બાધા રાખી સારૂ કરી આપવાની લાલચ આપી અને બાધા પુરી કરવાના ખર્ચ પેટે પ્રથમ રોકડ રૂપિયા ૭૦,૦૦૦ ડ્રાઈવર પાસેથી લઈ ત્યારબાદ આરોપીએ ડ્રાઈવરને બાધા પુરી કરવા વધુ ખર્ચ થશે તેમ અવાર–નવાર કહેતા ડ્રાઈવર પાસે રૂપીયા ન હોય જેથી આરોપીએ ડ્રાઈવર સાથે છેલ્લા છ મહીના પહેલાથી અલગ અલગ સમયે અમરેલીના એક સોનીની દુકાને જઈ ડ્રાઈવરના સોનાના દાગીના વેચાવી તે વેચાણના રૂપિયામાંથી એક માતાજીનો સોનાનો દોરો તથા પેન્ડલ કિંમત રૂપિયાર,૫૯,૨૪૦નો બનાવડાવી તથા રોકડ રૂપિયા ૧૨,૫૬,૭૬૦ મળી કુલ રૂપિયા ૧૫,૧૬,૦૦૦ ડ્રાઈવર પાસેથી લઈ ડ્રાઈવર સાથે ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)